પિયુ પત્ની વિજય

નાટક.

રચીને પ્રસિદ્ધ કરનાર

દેશાઈ બેચરભાઈ ગોવિંદભાઈ.

નડીયાદ.

सतनागर प्रेस..

સંવત ૧૯૩૮ ઈ. સ. ૧૮૮૨

કિમ્મત [illegible]

પ્રસ્તાવના.

પ્રિય રસીક મિત્રો, મારૂં આ છોકરાની બાળચેષ્ટા જેવું નાટક જો-
ઈ તેમાંની કવિતા ને નાટકની ખુબી વીષે મારો અનાદર કરશો નહી.
ક,

(શિખરિણી છંદ.)

મહાદેવા સ્હાયે કવિજન નહીં હું મદદથી,
રચ્યું પ્રૌઢા હર્ષે અનુભવ મતી પામરવતી;
વમે મેરૂ તુલ્યે હું રજ સમજું હે કવિજનો,
નિહાળી પાપીને સજન નવ લો દોષજ તમો. ૧

મારો આ નાટક રચી પ્રસિદ્ધ કરવાનો હેતુ એવો છે કે હિંદુઓમાં સ્વેચ્છાથી લગ્ન કરવાનો રિવાજ બંધ પડી ગયો છે. તે જારી થાય, તો દેશી દંપતીનું કલ્યાણ થાય માટે આ નાટક હું રચી બહાર પાડું છું.

વળી આ નાટક વાંચવા ઉપરથી સર્વે મનુષ્યોને સ્વેચ્છાથી લગ્ન કરવાનો ને પોતાની આત્મજાઓને સ્વેચ્છાથી લગ્ન કરાવવાનો ઘુર્તે ઇરાદો કરશે એવો મારા મનનો દ્રઢ નિશ્ચય છે.

બીજુ આ નાટક વાંચવા ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે કે સૌભાગ્યવંતી ને તેના પિતાએ સ્વેચ્છાથી પરણવાની ના પાડી, તો પણ એ સદ્ગુણી કુંવરી પોતાને પસંદ પડતો પતિ ખોળવાને માટે પ્રદેશમાં સંચરી. ને પોતેનું કામ સફળ કરવાને કેટલાંએક વિઘ્નો સહન કર્યાં. પણ તેવામાં અનાયાસે જે અર્જુનસિંહ પોતાના રાજ્યાસનને દાબે એવી સ્ત્રી સાથે સ્વેચ્છાથી લગ્ન કરવાને વીસ વરસ સુધી નહીં વરેગો, એ ત્યાં આવી ચઢયો. ને ત્યાં એ દંપતીનો સંયોગ થયો તો પછી એઓનું જુગતે જોડું મળ્યાથી તેમના દિવસ કેવી રીતે સુખ શાન્તિ ને આનંદમાં ગયા, તે આ નાટક વાંચવા ઉપરથી સ્પષ્ટ ધ્યાનમાં આવશે.

લી૦ ગ્રંથ કર્તા.

અર્પણ પત્રીકા.

(હરીગીત છંદ.)

વિદ્યા સુગંધી પુષ્પ દેશે પંચ તંત્ર નીતિ વતી,
ભાવનગરમાં ધજ મેળવ્યો હોદ્દો અવિ વિદ્વત પકી,
હોદ્દા તણું કુંઅર ધરિને સુધારિયા સૌ સાધને,
એવા ધુરંધર મંત્રિ દેશઇ ધન્ય છે હરિદાસને. ૧.
ત્યાં અમલ પૂરો જામિયો ને ખ્યાતિ ગઇ વઢવાણમાં,
પરદુ:ખ ભંજન પૂર જાણી આણિયા એ સ્થાનમાં;
મંત્રી થયા વઢવાણના તે પોંચિયા ધરિ હર્ષને,
એવા ધુરંધર મંત્રિ દેશઇ ધન્ય છે હરિદાસને. ૨
ત્યાં પોંચતાંમાં નામું ઠામું નિરેખ્યું નજરે વતી,
ચીઠીક જોતાં રાજ હાલત પાંગળી દીઠી અતી;
વિદ્યા ભણાવિ સુધારિયો દિન વિત્તવાળા નાથને,
એવા ધુરંધર મંત્રિ દેશઇ ધન્ય છે હરિદાસને. ૩
દીન જનોનાં તાપ ટાળી દર્દી દર્દો કાપિયાં,
સૌ જાતને સુખિયા કરી ભય હીણું વચનો આપિયાં;
પરવાસ્ર કરિ પાપી હણી મજબૂત કીધું રાજને,
એવા ધુરંધર મંત્રિ દેશઇ ધન્ય છે હરિદાસને. ૪
(૫) ચારવર્ષ સુધી અમલ જામ્યો એમનો એ રાજમાં,
સૌ રાજને સુખીયુ કરી દુખ કાપીયુ ઝટ વારમાં;
સત્ વાત ને સત્ ધર્મથી ઇનસાફ આપ્યો રાજને,
એવા ધુરંધર મંત્રિ દેશઇ ધન્ય છે હરિદાસને. ૫
વીશ એક ઉમ્મર જ્યાં થઇ વઢવાણ કેરા રાયજી,
સૌ સાથની શીખ સહ લઇ મુસાફરિ ઝટ જાયજી;
મુસાફરી કરિ આવિયા બેસારિયા રાજ્યાસને,
એવા ધુરંધર મંત્રિ દેશઇ ધન્ય છે હરિદાસને. ૬
ખ્યાતિ થઇ સહુ દેશમાં પરદેશમાં સદ્ નેકની,
રાજા પધાર્યા ગાદિએ તવ વાણિ સુણી વિવેકની;
હુકમ થયો ખટુ હર્ષનો ઠસાવિયો સૌ સાથને,

એવા ધુરંધર મંત્રિ દેશાઈ ધન્ય છે હરિદાસને. ૭
ચહુકર્મિ ને સહધર્મિ નેકી જામો વાંકાનેરમાં,
બે વર્ષનો છે કુંવર માટે જાળવો જનકેરમાં;
(૧૮)પૂરાણુ વર્ષો અમલ જામો સાચવો દીનરાજને,
એવા ધુરંધર મંત્રિ દેશાઈ ધન્ય છે હરિદાસને. ૮
હુકમ જણાયો હર્ષનો જે વાર દયાળુગાપને,
તે વાર સાપ સભા ભરી શિરપાવ દે દેશાઈને,
શિરપાવ અહિને સંચર્યા એ ઝટ નિમેલા રાજપે,
એવા ધુરંધર મંત્રિ દેશાઈ ધન્ય છે હરિદાસને. ૯
નર નારીઓ સૌ રાજને ફરમાન પાયાપર ધરો,
ચુસર ધરિ સહ ધર્મનું કથીત કર્યો કટ હરો;
ઓઢા ગણી દ્રઢ પ્રીતથી અર્પણ કર્યું આપને,
એવા ધુરંધર મંત્રિ દેશાઈ ધન્ય છે હરિદાસને. ૧૦

દોહરો.

વિદ્યા જ્ઞાન વિવેકથી, આપ પુર પીંગેલ;
સતવાદી ને સુર છો, પોથી રાજ અશિલ. ૧
મંત્રી મંડળમાં કરો, મંત્રિપણું છે હાથ,
સદ્ગુણીજન શોભિતા, ઝાઝો તેની સાથ; ૨
સત્ય ધર્મ આચારને, સત્ય કર્મ રત નેક;
ધનસાફ અદલ આપિયા, નહીં શિપારસ છેક. ૩
મોનું પ્રતિ સારૂં ચહો, પીંચાડો મન આશ;
અર્પણ નાટક પાઠવું, સલામથી હરિદાસ. ૪

અંક ૧ લો.

પાત્ર.

અજીતસિંહ .... સાધ્યપુરનો રાજા ને સૌભાગ્યવંતીને મારમાંથી મુક્ત કરી સ્વેચ્છાથી લગ્ન કરનાર.

સત્યસાગર .... તેનો પ્રધાન.

સારથી .... તેનો રથ હાંકનાર.

શુકૠષિ .... આશ્રમમાંનો તપસ્વી.

હરણ .... આશ્રમમાંનું.

હરણી .... તેની મા.

સૌભાગ્યવંતી .... રાજપુરના વણિક પ્રધાનની દીકરી.

કમળા .... તેની સખિ.

ગંભીરદાસ
ગપ્પીદાસ
ગમારદાસ
બંધીદાસ
બીકણદાસ
} સૌભાગ્યવંતીને દુઃખ દઈને સેધ જનાર.

મલ્લ .... સૌભાગ્યવંતીને સુખી કરનાર.

પારધી .... સૌભાગ્યવંતીને પકડીને માર મારનાર.

પ્રવેશ ૧ લો.

સ્થળ, રાજાનું ઘર અને રસ્તો.

પાત્ર, રાજા, પ્રધાન, હરણી હરણ, રૂષિઓ.

મંગળા ચરણ.

(શાર્દુલ વિક્રીડિત છંદ.)

હે દેવા જગનાથ હાથ દ્વિય હું જોડી કરૂં વીનતી,
દેશી દંપતિ દુઃખ દુર કરવા આપો મને સૂમતી;
ગ્રંથારંભ કરૂં જ સ્હાય કરજો પ્રેમે પ્રભુ રે અતી,
શા શા ગુણ હું વર્ણવું અકળ એ સુણ્ણ અનાદી અતી. ૧

(રાજા સયન ગૃહમાં સૂતા છે એટલામાં પ્રધાન પ્રવેશ કરેછે ને)

પ્રધાન- અહો રાજાજી, આપના સુસોભિત મુખાર્વિંદના વદવા પ્રમાણે આપની હાલ વીસ વરસની ઉમ્મર થઇ, ત્યાં સુધી આપના રાજ્યાસનને સોભે એવી સ્ત્રી મળી નહીં. માટે વસુપુરમાં લક્ષ્મિચંદ ધનેશ્વરની કુંવરી મહાલક્ષ્મિ વેહેરે મેહેરબાની કરી લગ્ન કરો તો ઠીક, કેમકે હવે રાજમાં ચરચા થાય છે, પછી આપની મરજી.

એટલું કહી પ્રધાન વિચારમાં ને વિચારમાં ચાલ્યો જાય છે, ને રાજા સયન ગૃહમાં નિંદ્રાવશ થઇ જોય છે, એટલામાં દુઃખદાયક સ્વપ્નું આવવાથી અશ્રુપ્રવાહે કરી પાથરેલી ચાદર ભીંજાય છે, ને તુરતજ હર્ષકારક સ્વપ્નું આવવાથી રાજા ઓચિંતા ઝબકી જાગી ઉઠે છે, ને રત્ન જડીત લોટામાંથી રત્ન જડીત પ્યાલામાં અમ્રિત સમ જળ લઇ મુખાર્વિંદ પખાળી ને તુરતજ

રાજા- અરે સારથી રથ તૈયાર કર.

સારથી- આજ્ઞા મહારાજ. (એમ કહીને જાય છે ને રથ તૈયાર કરીને લાવે છે, એટલે રાજા રથમાં પ્રવેશ કરે છે, ને રથ ચાલવા માંડે છે, એવામાં એક હરણ દોડતું રાજાની નજરે આવે છે. તેથી)

રાજા— દોહેરો.

અથમંગળ મુકીને, મારું હું ચાબક એક,

અનીક રૂપ તે પરવરે, ખેડ નહિ કરી છેક. ૧

(એવું સાંભળી સારથી રથ ચઢીચોટ હાંકવા માંડે છે. ને હરણની લગભગ આવીને.)

સારથી

હરીગીત છંદ.

નીશાન માંડી બાણ મારો ખૂબ ખેંચી આપને,
વીંધાઇને ધરણી ઢળે કેવું પડે ના આપને;
(એવામાં ઓચિંતા શુક રૂષિ પ્રવેશ કરે છે ને)

શુક રૂષિ- જગરાય પ્રાશ્ચિત થાય હરણી માય કોપે આ ઘડી,
દેશે અધીકા શાપ માટે જાઓ અહિંથિ સંચરી. ૧

રાજા— શું હરણી શાપ દેશે?

રૂષિ— હા માહારાજ શાપ દેશે.

રાજા- રૂષિજી હું આપને ચર્ણે નમી વીનવું છુંકે શિકાર કરતાં રાજાને ઉપદેશ આપવાથી કાંઇ ફળ થવાનુ નથી માટે આપ જરા મુંગા રહો નહીં તો આ વજાસ્ત્ર બાણવડે સ્વધામ પહોંચાડીશ. (એમ કહી પેલા હરણને મોહાસ્ત્રનો મંત્રભણી બાણ મારે છે. એટલે હરણ મુર્છાંગત થઇ ધરણી ઢળી પડતાં પડતાં.

હરણ- દોહારો.

બગર કારણે મારિયું, વિશેષ દીધો તાપ;
તે માટે ક્રોધી થઇ, દઉછું તમને શાપ. ૧
વિરહ વેદનાએ કરી, થાશે માને શોક;
પત્ની વીજોગે કરી, નિશદિન ન કરે ભોગ. ૨
વિરહ વેદનાએ કરી, મરશે પત્ની, માય;
તે પ્રાશ્ચિત તારે શિરે કહુ છુ ભૂમી રાય. ૩

(પછી રાજા બચ્ચાને લઇ ચાલવા માંડે છે, એવામાં એની માને પત્ની પ્રવેશ કરે છે.) ને હરણને મુર્છામાં પડેલું જોઇ

હરણી-(ગદગદતે કહે)

(વસંતતિલકા છંદ.)

હે રાય દુષ્ટ થઇ ને કેમ બાણ માર્યું,

વીંધીશ મંત્ર ભણીને શિદ મૂળ કાપ્યું;
વીયોગ થાય તુજથી વધુ માત તારી,
શાને મરો રખડિ આશ્રિત એજ મારી; ૧

[એવાં દુઃખદાયક કથન સાંભળતાં વાંતજ રાજર્ષિ મુર્છાગત થઇ ધરણી ઉપર ઢળી પડે છે ને હરણી મોટા પોકારથી આક્રંદ કરે છે એ સાંભળી આશ્રમમાંથી રૂષિ દોડતા આવે છે. ને રાજા અને હરણ મુર્છામાં પડેલું જોઇ,

(વસંતતિલકા છંદ.)

રૂષિ- પ્યારી રડેછ હરણી કયમ આવી કેની,
પ્લાની મુખારવિંદ સો થયું કેમ બેની;
આક્રંદ માંડયું શિદ તેં હરણી ઘણું કે,
પોઢયો નરેંદ્ર હરણું કયમ આજ શું છે ૧

હરણી- ભૂમીપતી જગપતી જન ત્રાણ એ છે,
ધીકાર સારૂ હરણું મુજ માર્યું કેછે;
સુણીજ શાપ અબ એ ધરણી ઢળ્યો છે,
મુર્છા નરેંદ્ર ખઇને રઢતો બણ્યો છે. ૨

રૂષિ- વૃતાંત બોલ્ય હરણી સુભ કૂડ જેવો,
કુકર્મિ કોઇ કદપી વદ હોય એવો;

હરણી- વીયોગ થાય તુજથી વધુ માત્ર તારી,
અણ્યે અતુલ્ય પડજો દુખ દુષ્ટકારી. ૩

રૂષિ-ગદગદતે કંઠે

(લલિત છંદ)

અરર હર્ણિ તેં હાય શું કર્યું, દિન જનો તણું દુઃખ તે ધર્યું;
જનમ પાપીણી જોડું તોડિયું, દ્વિજ રૂષીતણું કર્મ ફોડિયું. ૧
રૂષિતણું તમે નાક કાપિયું, ધજજ આશ્રમી પાપ વાગીયું;
ખચિત હું કહું માનિ આ પળે, હરણિ કાઢ્ય તું શાપને કળે. ૨

હરણી-અરધ વર્ષે જો ઇષ્ટ જાપશે, ધરણિ સૂઇને ધુન્ય રાખશે;
ક્ષણુ બરોબરે શાપ સો થશે, શરિર વ્યાધિને કષ્ટ સો જશે. ૩
દુખ વિદારણો પુત્ર હો થશે, મનનિ કામના સિદ્ધ સો થશે;

જરિક ખામી જો શાપ આવશી, અમ હિને કર્મઃ રેણુમાં જશે. ૪
(એમ કહી હરણી પોતાના બચ્ચાને લઇ પોતાના આશ્રમમાં જાય છે, ને રૂષિ પણ પાછળ પાછળ આશ્રમમાં જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ, તપસ્વીનું આશ્રમ.

પાત્ર, રાજા, સૌભાગ્યવંતી, કમળા, ગંભીરદાસ, ગપ્પીદાસ, ગમારદાસ, ખંપીદાસ, બીકણદાસ, મલ્લ અને પારધી.

(રાજા સુદીમાં આવે છે એટલે રથમાં પ્રવેશ કરે છે ને રથ ચાલવા માંડે છે એવામાં એક સ્ત્રી ઉપર એક પારધી જુલમ કરતો નજરે આવે છે, એટલે રથ ઉતાવળો હાંકી તેની પાસે જાઇ)

રાજા—અલ્યા તું કોણ છે? ને તેં આ સ્ત્રી કેમ પકડી છે વારૂ!

પારધી—હુ પારધી છુ. ને બસ, મેં મારી ખુશીથી પકડેલી છે માટે તારે કંઇ બોલવાની કે ઉભા રહેવાની જરૂર નથી માટે પધે પડો. નહીં કર દીઠી છે આ? એમ કહી બાર શેરીયા ડાંગ ઉપાડી સામી ધરે છે.

રાજા—(મનમાં) રીસ તો ઘણી ચડે છે પણ શું કરૂં? એને પોહોચી વળું એમ તો છે નહીં, માટે કાંઇ યુક્તિ કાઢવી જાઇએ એમ ધારી વિચાર કરે છે એટલામાં પારધી તેને મારવા ધસી આવેછે એટલે હાથમાં પોપટ ઝાલી મોં ઉંચુ કરેછે ને કહે છે કે અલ્યા, ગંગારામ ઘેર જઇ માજીને કહેજે કે પારધીભાઇએ ભાઇકાં લૂગડાં સાંધાં કરી ભોંય ભેગા કર્યા. એમ કહી હાથ પોહોળો કરેછે એટલે પોપટ ઉડી જાય છે, એટલે પારધી ઉંચુ જુવે છે કે તુર્ત રાજા શમશેર ખેંચી કુકર્મી પારધીનુ શીશ ઉડાવી દેછે તે જોઇ સ્ત્રી મુર્છાગત થઇ ધરણી ઉપર ઢળી પડેછે એટલે તેની આખી કાયા નખથી તે શીખા સુધી નિરખીને

રાજા—(મનમાં)

(વસંતતિલકા છંદ.)

સુવર્ણ તુલ્ય પ્રમદા મદમાં મચેલી,

કાન્તાનિ કાય મદથી નિરખાય ઘેરી;
વીચિત્ર રત્ન વનિતા ઉપરે પડ્યાં છે,
કંચુકિ ચીર મણિયો મદથી ભર્યાં છે. ૧
શોભા શશાંક સમ તો મુખની બની છે.
છાતી ઘણીજ ખિલતી મદમાં ભરી છે;
મોં લાલ ગાલ કુમળા શુભ હાસ્ય મંદ,
જોતાં જણાય મનને અતિ સુખકંદ. ૨
નાકે ધરેલ હરખે નવ રત્ન વાળી,
(તેથી) કિંસુક પેર ચકતું નિરખું નિહાળી;
હર્ણી સમાન ચખને કટિ સિંહ વાળી,
પાનીજ લાલ કદળી સમ જાનુ ભાળી. ૩
(ઉપમા) ઇંદ્રાણિ લક્ષ્મિ કદપી મદમાં મચાય,
રંભા બણી બનિ ઠણી મત સાથ થાય;
ભાર્યા ભુમી ભઇરવી ધુર્જટી હરા,ય,
એવી સહસ્ત્ર વનિતા નવ તુલ્ય થાય. ૪

(એટલામાં બે ભાન થયેલી યુવતિ સાવધ થાય છે એટલે રાજાને એ એક આશ્રમમાં પ્રવેશ કરે છે. ને)

રાજા—

(સોરઠો.)

અરે નારી તું કોણ, વદને વાણી સત્ય તું;
રાજા હું ભૂવાણુ, ટાળીશ તારૂં દુખડું. ૧
વદતી નથી તુ કેમ, શા માટે થઇ ગાભરી;
તજ તું તરૂણી વ્હેમ, બનીશ હે ના બાવરી. ૨

સોભાગ્યવંતી—

(ભુજંગી છંદ.)

અરે સાંભળો હે તમે સજ્જનો રે, કહું વાત સાચી ધરોને દિલે રે;
ભલું ગામ મોટું બધી સૃષ્ટિ માંહે, ભલો શ્વેત રાજા કરે રાજ ત્યાંહે. ૧
ભલી વીધિને ભકિતથી રાજ્ય ચાલે, કુડા ચોરને શાહને ન્યાય આલે;
ઘણા લોક સારા જવદ્દલે નઠારા, પિડા પામતા લોકના પોક ન્યારા. ૨

વળી ગામમાં શોભિતાં કેદખાનાં, કુડા લોકને વાસતે તે કરેલાં;
વળી મોટા કિલ્લો ઘણાં બારિબારાં, નદી મધ્યથી લાવવા પાણિ નાળાં. ૩
ભલા હોજ બાગો કુઆરા કર્યા છે, બધી વાડિમાં પુષ્પના મોગરા છે;
વળી આંબલી આંબલા અંબ ઝાડી, રૂડા લોકને બેસવા આગગાડી. ૪
સકંચે વણાયે રૂડાં રેશમોનાં, રૂડાં લૂગડાં શીવવાને અબોલાં;
રૂડી અંધશાળા કુડી ચોર શાળા, તહાં વીદ્વાનો ભણાવે રસાળા; ૫
પુરી પાઠશાળા પુરી વૈદ શાળા, તહાં જે દવા લે દવા દે દુખાળા;
શિયા સુંનિની ત્યાં મસીદોજ રોજા, રૂડા રૂપવાનો પટે દામિ બોજા. ૬
વળી મુંગલો કાબુલી કોટવાળા, ઘણો જાપતો રાખતા બુદ્ધિ શાળા;
અરે ગામની હું ખુબી શી કહું રે, અમો પૂર મધ્યે નથી દુઃખિયું રે. ૭

એ પ્રમાણે એ શેહેરના જેવડું મોટું શેહેર મારા જોવામાં કે સાંભળવામાં આવ્યું નથી માટે હવે એનું વર્ણન બંધ રાખુ છું. કારણ કે ઘણો વખત ગુજરી જાય, માટે આગળની બીના કહેવા માંડુ છું.

રાજા—(મનમાં) હવે આ કલત્ર જવા દેવી એ ઠીક નહી, કારણ કે મારે લાયક ને મારા રાજ્યાસનને શોભે એવી અનાયાસે મળી આવી છે. એમ ધારી (સ્પષ્ટ) અહો પ્રાણ પ્રિય પ્રિયા ભલે કહેવા માંડો. (એવામાં ઓચિંતી અચંબો પામી)

સો૦—અહો! રાજાજી, એ શો ઉચ્ચાર કર્યો? હવેથી વદતા માં, નહીં તો તમારા કુળને લાંચ્છન લાગશે.

રાજા—અહો! પ્રાણ પ્રિય પ્યારી શેનું લાંચ્છન લાગશે! એમાં તમને શું ખોટું કહ્યું?

સો૦ (મનમાં) ઇશ્વરે મારા ઉપર કૃપા કરી, મારા મુખાર્વિંદને શોભે, ને કમળાના મુખાર્વિંદમાં ધૂળ પડે, એવો પ્રાણનાથ અનાયાસે લાવી મેળવ્યો છે માટે એને છોડું નહીં. એમ ધારી (સ્પષ્ટ) રાજાજી, આ આપની કોમળ રસના આટલી બધી કેમ છુટી મુકી છે? કે તલપુર પણ કોઇની અદબ રાખતી નથી, એ આપના સરખા ધર્નીષ્ટને શોભતું નથી, માટે બોલશોમાં, ને બોલો તો આ હું મારે રસ્તે પડું. એમ કહી ઉઠી જવા માંડે છે. એટલે,

રાજા—હાં હાં હાં!!! એમતે થાય પ્રિયા?

સો૦—અરે! રાજાજી, હજી તમારા મુખાર્વિંદમાંથી પ્રિયા એ શબ્દ અટ-

કતો નથી કેમ વારૂ?

રાજા—સારૂં ત્યારે નહીં બોલું. પણ તમે આગળની વાત કહેવા માંડો.

સૌ૦—એકાગ્રચિત્તથી સાંભળજો ને કાનમાં પુમડાં ઘાલ્યાં હોય તો કાડી નાખજો.

રાજા—જુઓ વળી તમે મશ્કરી કરો છો ને મારો વાંક કેમ કાઢો છો?

સૌ૦—રાજાજી, એતો મશ્કરી ન હોય! એતો ઠઠ્ઠો.

રાજા—ચાલ ચાલ ઉતાવળ કર? નહીં તો પ્રીયાપદ નહીં આપું.

સૌ૦—રાજાજી, આતીએ મશ્કરી કે?

રાજા—નાના એતો આગળના જેવો ઠઠ્ઠો.

સૌ૦—હવે જરા મશ્કરી બંધ રાખો તો ઠીક. હું કહેવા માંડું.

રાજા ભલે પ્રિયા કહેવા માંડો. હવે હું તમારી જરા પણ મશ્કરી કરનાર નથી, ને કરીશ તો ઠઠ્ઠો કરીશ.

સૌભાગ્યવંતી--

ભુજંગીછંદ.

હતી દીકરી હું ભલા શેઠિયાની, વદું તે કરે પૂત્રિયો વાણિયાની;
હતો કાયદો ઘેર મારે વિશેષે, કહું તે કરે લોક સંધા હમેશે. ૧
નથી ભ્રાત મારે કરી વાલી, બાપે, કહું તે કરે કષ્ટ તે સઘ કાપે;
હતી ઘેર દાસી હતા ચાકરો ત્યાં, હતા વીજ્ઞાનો પુરા ભારતોમાં. ૨
હતા વેદ પૂરાણમાં સત્ય પેલા, ઘણા વીપ્ર જોતીષ શાસ્ત્રો ભણેલા;
રહે ઘેર મારે બધા સુખ પામે, રખે વીપ્ર આવે તણું દુઃખ વામે. ૩
વળી બાપ શેન્યાપતી માહરો છે, કહે તે કરે જે નહીં કાયરો છે;
વધારે કહું તો ઘણી વાર લાગે, બધું વર્ણવું તો થશી મૂખ થાકે. ૪

રાજા—અરે! પ્રાણ પ્રિય પ્રિયા, આવું ઇંદ્રપુરીના જેવું સુખ તજી દેશવટો ભોગવવાનું કારણ શું છે?

સૌ૦—અરે! રાજાજી, તમારા મુખારવિંદમાંથી પ્રાણ પ્રિય પ્યારી એ શબ્દ અટકતો નથી કેમ વારૂ? (હસતે વદને) તમારા કર્મની હોઇશ તો ક્યાં જવાની છું?

રાજા—(હસતે વદને) ત્યારે બીજા કોના કર્મની? પણ ચાલ, તારા રસિક છંદ મારા કોમળ હૃદયને આનંદમય કરી નાંખે છે, માટે મારા ઉ-

પર પ્રાણ પ્રિય ભરથારના જેવી આસ્તા રાખીને ઉચ્ચાર કર? પછી હું તારા મનના સઘળા મનોરથ પુરા પાડીશ. કારણ કે મારા કરતાં માત્ર ઇશ્વરજ મોટા છે.

સૌ૦—(મનમાં અચરજ પામીને) હેં! તમે એવા મોટા રાજા છો?

રાજા—હા પ્યારી હું ચક્રવર્તી રાજા છું ને તારા શેહેર સુદ્ધાંત તમામ પૃથ્વી મારા હસ્તક છે પણ હાલમાં આવક નંબર ૪૯૫ થી ત્યાંના શ્વેત રાજાને ને મારે દોસ્તી થવાથી એ રાજની ખંડણી મેં મારી ખુશીથી બાતલ કરેલી છે.

સૌ૦—(અચરજ પામીને) હેં હેં હેં! એ રાજ પણ તમારા તાબામાં હતું?

રાજા—હા હા હા! (પરૅપ) વખત હા હા હા! હતું હતું હતું હતુ ને હતું.

સૌ૦—(મનમાં) બસ હવે તો (જુગ જીતે મારે કાણીએ બાપ) મારૂં તો પાંદડું ફરી ગયું. પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઉગ્યો, ને આપણે તો આખા રાજનાં ભોગદારી થયાં. (સ્પષ્ટ) હવે વખતનું કામ વાયરે ચઢયું માટે પંથે પડુ છું.

રાજા—નાના પેલી આગળની વાત કહેતાં જાઓ?

સૌ૦—આવું ઇંદ્રપુરીના જેવું સુખ તજી આવવાનું કારણ એ હતું કે મારે બાપે મને પરણવાને પૂછ્યું ત્યારે ઉત્તર આપ્યો કે પિતાજી, હું મારી ઇચ્છામાં આવે એવા વર સાથે વરવાને ચાહુ છું. માટે હાલમાં લાકડે માંકડુ વળગાડવાનુ કામ બંધ રાખો. ને સ્વયંવર રચો? આ શબ્દ સાંભળતાં વાંતજ મારા પિતા મારી સાથે એક પણ શબ્દ ઉચ્ચાર કર્યા શિવાય ચાલ્યા ગયા, તે જોઇ મેં વિચાર્યું કે એ રીસાયા, પણ કાંઇ ફિકર નહી. એમ ધારી સાતમા માળને જરૂખે જઇ બેઠી, એવામાં મારી પ્રાણ પ્રીય સખિ કમળાએ પ્રવેશ કર્યો ને,

કમળા—અરે મારી પ્રાણ પ્રીય સખિ સૌભાગ્યવંતી તારા નામ ઉપર બટ્ટો બેસે છે ને આજથી તારા નામમાંથી સૌ કાઢી નાંખી તેની જગ્યાયે અ ને દાખલ કરી અભાગ્યવંતી કહેવામાં આવશે.

સૌ૦ કેમ મારી પ્રાણ પ્રિય સખિ તેમ કહેવામાં આવશે?

કમળા—

ઇંદ્રવિજયછંદ.

યોવન મધ્ય તુ આવિ રહી શણુભાર દિપાળિ ગઇ તુજ આંખે,
રાજ કુમારિનિ પેર ગવાઉતુ તો પણ મુખ જણાયજ આંખે;
એવિ અતુલ્ય વિપત્તિનિ માંય તુ કેમ રહી વદજે અબ સાંજે?
લોક કુડા કપટી અપટી છલ દાનવ ને સખિ તું ક્યમ ઝાંખે? ૧

સો૦—અહો! મારી પ્રાણ પ્રિય સખિ કમળા, તારા કહેવા પ્રમાણે મને સોળ વરસ થયાં છે, રાજકુમારીની પેઠે ગવાઉછું, મુખ આંખુ પ્રકાસે છે, અતુલ્ય વિપત્તિ પડે છે, તો પણ હું કોઇના ઉપર કુદ્રષ્ટિથી જોતી નથી. વળી જે તમે સાંજે મારા પિતાને કહેવાની વાત કહી તે જરા બંધ રાખજો. કારણ કે હમણાંજ મારા પિતાજી લાકડે માંકડુ વળગાડવા આવ્યા હતા, પણ મેં તો સાફ ના પાડી, ને કહ્યું કે હું તો સ્વેચ્છાથી વરવાને ચાહુ છું. એ સાંભળી મારા પિતાજીક્રોધાયમાન થૈ ચાલ્યા ગયા છે. માટે તે વિષે સાંજે બીલકુલ વાત સંભારવાની અગત્ય નથી. એ સાંભળી,

કમળા—(ક્રોધના આવેશમાં) ઠીક, ઠીક, કર્યો ઇચ્છા વર ચુંટી કાઢયો છે?

સો૦—હે સખિ કમળા તું મારી મશ્કરી કરે છે, પણ હું તો મારા ચોખ્ખા ચિત્તથી કહુ છું કે આ રાજ માર્ગમાં જે જે લોકો જાયછે તેમના ઉપર કુદ્રષ્ટિથી નહીં, પણ મારા સ્વચ્છ દીલથી નીરખુંછું.

કમળા (રકત લોચન કરી) અરે આતો તેં ગુણકાનુ ઘર માંડયું. તારે ભાઇ તો છે નહીં ને તારે બાપે તો તારા ઉપર મુડ મુડાવેલું છે, ને તું તો કસબણનો કસબ લેઇ બેઠી, હવે તારો બાપ તારાં શાં સનાન માંડશે, તેની મને ફિકર પેઠી.

સો૦—અરે કર્મ હીણુ ને કુડ કપટવાળી કમળા તું મારી હાંસી કરે છે, પણ મારૂં ચાલશે, ને ઇશ્વર મારો આત્મા એક વર્ષ સુધી અમર રાખશે, તો હું વિદ્વાન સદ્ગુણી રાજકુંમારને પરણ્યા વિના રહેનાર નથી.

કમળા—મદમાં છકેલ બેન, તમારા જેવી ને તમારા કરતાં ગુણ અને જ્ઞાનમાં વિષેષ, અકળકળા જાણનારી, ને અઢળક વિવેકવાળી, એવી કેટલીક વણિક પુત્રીયો રાજાને પરણવા આતુર થઇ રહેલી, પણ છેવટે કોઇ યવનને વરતી કે કોઇ કજાત જન બાણધારી જતો.

સમજી કે નહીં?

સો૦ (તમ્લ નયન કરીને) બાણુધાટી જાય તને, યત્ન વરે તને; હે કૂડ કર્મ કરનારી કમળા તું મને તારૂં ચંડાળ મોં દેખાડીશ નહીં મારે તારે સમ છે.

કમળા—(ક્રોધાયમાન થઇને) સમ છે; સમ છે, કહીને ડરાવેછે કે શું? તને ધણિ ન મળ્યો, માટે શું! બીજાને નહીં હોય? મારો ધણિ તો ફાંકડો ડેર જેવોછે. ને એમની જોડ આખી પૃથ્વીમાં મળી આવે એમ છે નહીં. પોતાને નહીં, માટે બીજાની ખોડ કાઢવી. પોતે જરૂખે બેઠી બેઠી લાલસાહેબનાં મુખારવિંદ જુએ છે, ને શિખામણ દઇએ છીએ ત્યારે ટેડકો ચઢે છે. જાને એક કરતાં સાતઘણો ચઢાવ. બીજાને શું? તારૂં કર્મ તું ભોગવશે.

સૌભાગ્યવંતી (ગદ ગદ કંઠે)

દોહરો.

હે કુડિ સખિ કમળા કહું, સતાવિશ નહીં બાપ;
જો રાજા પરણુ નહિ તો, બ્રહ્મ હત્યાનુ પાપ. ૧
ચોકે ચોરિ બાંધીને, પરણિશ રાજા સાથ;
ત્યારે દેખાડીશ હું, જુથ કરજોડિશ નાથ. ૨

કમળા (મનમાં) આ રાંડના મોંની કાંન્તિ, બોલવાની છટા, તથા ગુણ અને જ્ઞાનમાં તો મને આશા છે કે, એ આગળ જતાં દિગવિજૈ પ્રૌઢા રાજાને વરશે, એમાં બીલકુલ શક નથી. વળી એની જન્મોત્રી એણે છાની માંની કોઠારવાળા ઓરડામાં જોષી પાસે જોવરાવી હતી, તેમાં એને રાજા વરશે એવું ખગવેત્તાના ભાષણમાં આવ્યું હતું. માટે એને જરા સવાસલું કરૂં, એમ ધારી (સ્પષ્ટ) અહો! મારી પ્રાણ પ્રિય સખિ સૌભાગ્યવંતી, હું જરા મશ્કરી કરૂ છું, એટલામાં તમે આટલાં બધાં આકળાં શા માટે થાઓ છો! હું તો એમ કહું છું કે તમે બેશી રહો ને રાજા અહીં આવી વરે એમ તો છે નહીં, માટે કાંઇ પ્રયાસ કરો?

સો૦—(ક્રોધમાં) ઇશ્વરે ધાર્યું હશે ને મારા કર્મમાં વિધાત્રાએ લેખ કોતર્યા હશે તેમ થશે, પણ તું તો હમણાં મેણાં મારી ગઇ છું, પણ યાદ રાખજે?

કમળા હે! મારી પ્રાણ પ્રિય સખિ સાભાગ્યવતી બેન, હું ભૂલી. મેં જખ મારી, માટે આટલો ફેરો માફ કરીનેક્રોધ સમાવો. હું તો તમારી તાબેદાર દાસીછું, ને તમે કહો તે કરૂં.

સો૦—(મનમાં) જરા ધમકાવી ત્યારે પાંશરી થઇ નહી તો માથે ચઢી વાગતી હતી એમ કહી હાશ્ય પામે છે. (સ્પષ્ટ) ત્યારે ચાલો આપણે ગામ બહાર ફરવા જઇએ.

કમળા—ના બા, બધુએ ખરૂં, પણ ગામ બહાર તો નહી. ફજેત થઇએ. મારે તો નથી આવવું. તમે એકલાં જાઓ.

સો૦—(કમળાનાં આવાં કથન આંભળી ગુસ્સો ચડાવી ઓરડામાં પ્રવેશ કરી પટારો ઉઘાડી શણગાર સજવા માંડે છે ને સૃંગાર શણગારસજી રહ્યા પછી કિમતી આભૂષણ સજી મેહેલમાંથી નીકળી પુરમાં પ્રવેશ કરે છે. તે વખતનો દેખાવ ને બનેલો બનાવ.

(ભુજંગી છંદ.)

રૂડા પૂર મધ્યે હિડી સીધિ રાય, જહાં જાઉ ત્યાં લોક મોહીત થાય;
ઘણા માર્ગ મધ્યે સુતા દંઢ પેરે, ઘણા દેવિ જાણી પગે તે નમે રે. ૧
ઘણા પ્રેમદા જાણિ આંખો ફિરાવે, કરો જાદુ જેથી કરી પાસ આવે;
કરી રકત મેં ચક્ષુને તો ફિરાણી, થયા સ્તબ્ધ લોકો મને દેવિ જાણી.૨
દિઠી આંસ પોળી ઘણા કામ બાણે, સુતા સદ્ય તે તો ભુમીને રઠાણે;
(જેમ) ઘણાઉંદરો ભક્ષને વાસતે તો, ધસે સાપલામાં તજે પ્રાણ ને તો, ૩
પછીથી ગઇ હું ભલી ભાગળે રે, તહાં પાંચ લૂચ્ચા ઉભા એક કોરે;
શં-જુઓ આપણા દાવની છેજ નારી, ચલો લેઇને નાશિએ આજ વારી૪
પછી જૈ વસૂંપૂરમાં બ્યારિ લેને, ગણીકા તણા વેશથી પાંચ થૈને;
જઇ લોકના ચોકમાં રોફ સાથે, ફરીશું બડા ગામના શેઠ વાદે. ૫

(શાર્દૂલવિક્રીડિત છંદ.)

સૌભાગ્યવંતી—(મનમાં)

ગપ્પીદાસ ગમાર મૂઢ જુથને ગંભીરદાસો બડા,
બાળો ખીકણદાસ ખૂબ શઠ એ લૂચ્ચા મળ્યા એકઠા;
બંધીદાસ બહુંજ કષ્ટ કરતો આવીમળ્યો જોગમાં,
કામા અગ્નિથિ શબ્દ કૂડવદતા ચાલ્યા ભૂંડા ભોગમાં. ૧

અંહી ઠંડ સુગંધ નાક ધરતા આવ્યા શઠો લોકમાં,
અર્ધા ગાઉ ગયાજ જુથ શઠ સૌ પેઠા પુરા શોકમાં;
બોલ્યો બીકણુદાસ બંધિ ગપિયા ગંભીર ગમારજી,
બોલો પ્યાર સહીત બોલ જુગ ફરંમ બાંધો પુરો પ્યારજી. ૨

મનહરછંદ.

ગપ્પીદાસ-પ્યારી પાસ પ્યાર સાથ, પરણુવા પણ પડું,
પાડે ના તો પટપાળી, પણ પરખાવશું;
હા હજો તો હટ હાટે, હશુગુણુ હર્ષ હાથે,
હરીહર હાટમાંથી; હીર હટકાવશું;
જો જરાક જપે જોડે, જામનીમાં જઇ જાતે,
જણુશો ઝવેર ઝુટી, જાત ઝટકાવશું:
પછી પાછા પધારીએ, પધારીને પ્રાણુ પ્યારી,
પરભાત પોર પેલા, પ્યારી પલકાવશું ૧
ગંભીરદાસ-ગપ્પીદાસ ગણુકારી, બંધીની મદદ લેઇ,
ઢણુણુ ઢોલકીને, ઠમ ઠણુકાવજે;
ગમાર તુ ગુઢ જ્ઞાન, બીકણુડે બાળ ભાત,
સારંગીનો સોર કાઢી, સણુણુ સુણાવજે;
હું તો નાચ તાલ લાવી, ઠઠ્ઠા મશ્કરી કરૂં,
તેથી સરકાર શેઠ, દામતો અપાવશે;
ગણિકાનો વેષ કરી, વસ્તુનો ભંડાર કરી,
જઇશું આપણુ ઘેર, ભડવા કેવાવશે. ૨

દોહરો.

ગમારદાસ-લાંચ્છન એમાં શું જ છે, ભાખો શાણુા વીર;
એ નારી નહિ માહરી, ફાડી મૂકશું ચીર. ૧
સુંણાવશું સજ્જન સહુ, દ્વી ઉત્તર નહિ બોલ;
ભાખે બહુ તો મૂકિને, ઉપર દેવી ધોલ. ૨
બીકણુદાસ-રાજ સભામાં જાય તો, કરિએ શો ઉપાય?
પરેજ મધ્યે પુરીને, તોડે ફટકે કાય. ૩
ગપ્પીદાસ-જૂઠું ફોલી છુટીએ, રૂપિયા દઇને લાખ;

લક્ષ્મિની લાલચ થકી, છોડે ફિકર ન રાખ્ય. ૪

એવા તુરંગ ઉઠાવતા ઉઠાવતા તમ્મો સૌભાગ્યંતીની પાછળ પાછળ ચાલ્યા જાય છે, ને એક અવડ જગા આવે છે, ત્યાં ખૂબ ઝડપથી દોડી સૌભાગ્યવંતીને પકડી પાડે છે, ને ઘસડતી ખરબચડી ધરા ઉપર ખેંચે છે તેથી શરીર છોલાવા લાગે છે ને રૂધીરની ધારા છૂટે છે. એટલે સૌભાગ્યવંતી—(ગદ ગદતે કંઠે)

સૌહ્યછંદ.

શશી સૂર્ય તારા ગ્રહો આભ ધર્ણ, રચ્યા હાલવા ચાલવા લોક ચર્ણ;
તરૂ તર્ણ મેરૂ રચી સૃષ્ટિ સર્વ, પછી સુખ પામે દિધા બુદ્ધિ મર્મ; ૧
બધુ તેં રચ્યું પ્રૌઢને ગુંજ તર્ણ, બધા સુખ સારૂં કર્યું ધાન્ય ઝર્ણ,
ઘણું દુ:ખ પામુ નકો, વ્હાર થાય, દિના આપના વીણુ સૌ ફોગ જાય. ૨
ભુમી ભૈરવી દેવ દેરા મહીજ, તહાં આપ મુ, લોક કાયા મહીજ;
કરો વ્હાર મારી સુણી દુ:ખ કર્ણ, થશો જો નહીં તો થશે મુજ મર્ણ. ૩

મહી[illegible]પછંદ.

અર્ણ શર્ણ તર્ણ તુલ્ય આવિ હું ઉગારો,
સ્યામ કામકાર ને તુ માફિ આપનારો;
સારી ત્રણ વર્ણ ચર્ણ રાખિને સુધારો,
બાળ લગન બાળિ નાંખિ જગત ભગિન તારો, ૧
જો જરાક અર્જ ફૂર્જ જાણિ દુ:ખ કાપો,
તો ત્રિકાળિ તર્ણ પ્રૌઢ જાય મુજ પાપો;
માટ કેણુ કાર્ણ ધારિ કામ કષ્ટ કાપો,
તો દયાથિ દૂર થાય બાપ પ્રૌઢ પાપો. ૨

(૨૫૯) અરે! ભાઇઓ, મને આ ખરબચડી ભોંય ઉપર શીદને ખેંચો છો? મારૂં શરીર છોલાય છે, ને મારા અમુલ્ય આત્માનો છેડો આવવાનો સંભવ જણાયછે, માટે મને જવા દો. ને આ નગદ માલ છે તે લેવો ધાર્યો હોય તો કશારે લ્યો.

ગંભીરદાસ—અરે ભાઇઓ, એને છોડી દો. એ આપણી સાથે આવે છે.

સૌ૦—હું મારો અમુલ્ય બખત ખોઇને તમારી સાથે આવનાર નથી કારણ કે હજી મારે કોઇ સદ્‌ગુણી વિદ્વાન રાજકુંમાર હોય એવા

પતિ ખોળવાને સંચરવું છે.

ગપ્પી.-બાઇ, ઇશ્વરની તમારા ઉપર પૂર્ણ મેહેર છે, તેથી તમે વર્ણવ્યા ક-રતાં વિશેષ અકલવાળા હજારો પતિ પામશો. કારણ કે અમે તમને ગણિકાનો વેશ ધરાવનાર છીએ, તેથી ને વળી તમારૂં રૂપ કુટકુ છે, એટલે વિશેષ.

સો૦—બાઇયો મને જવા દો. નહીં તો હું મારા અમુલ્ય આત્માનો ઘાત કરીશ, ને તે પ્રાશ્ચિત તમારે માથે મૂકીશ.

ગમા.—કાલે ઘાત કરતી હોઉં તે અત્યારે કર. ને કાલે પ્રાશ્ચિત મૂકતી હોઉં તે અતારે મુકય. કારણ કે અમે પાપને તો પગ તળે વાટી નાંખ્યું છે તેથી તેતો ચપટ થઇ બેસી ગયું છે તો પછી તું શું કરનારછે? માટે સાથે ચાલ. નહીં તો હોકું છું.

સો૦—રાજાજી, નામની ઉપમા પ્રમાણે સધળાના ગુણ ને કૃત્ય તેવાંજ હ-તાં તેથી મેં વિચાર્યુ કે આ બે દરકારી માણસને બો દીધે ફાવશે નહીં. માટે (અગ્નિ સુકો શો વર્ષે જવે) એ ઉખાણાનો અર્થ મ-નમાં ઠસાવી મેં હા કહી ને તેમની સાથે ચાલી. ચાલતાં ચાલતાં અરૂણ અસ્ત થયો ને ચંદ્રના ઝાંખા અજવાળાનો ઉદય થયો, તો પણ પગમાં કાંટા ભાગે. ચલાય નહીં. એવા લૂલાને લૂલા પ-ગે (તાજપુરની) ભાગોળે આવી પોહોચ્યાં, ને એક ઝાડ તળે મુકામ કર્યો, ત્યાં વાળુમાં વા ખાઇને સંતોષ કર્યુ ને બેઉ લુચ્ચી નિદ્રાવશ થઇ ગયા, તે વખતે મેં નાશી જવાનો ઇરાદો કર્યો પણ રાત્રી હતી તેથી જવાયું નહીં. એમ કરતાં કરતાં વિચારમાંને વિચારમાં મધ્ય રાત્રીનો સમય થયો, તે વખતના બનેલા બનાવો.

વસંતતિલકાછંદ.

શીયાળવાં વન વિષે હુક હાક બોલ્યાં,
માલીકીરે લશકરે વસુ દ્વાર ખોલ્યાં;
ઘૂઘૂ મુઓત રૂપરે ઘૂંડ શબ્દ બોલ્યો,
વાઘે ગ્રહી જરખને ગજ ચર્મ ફોલ્યો. ૧
તોપો પડી તરણ તે પુર માંહ્ય મોટા,
નાઠાં ભયે ઝડપથી પશુ પક્ષિ છોટાં;
જાગો સહુ સજન હે નિશપાળ બોલ્યા,

શબ્દા સુણી તથકરી ઘરમાં સંકેલ્યા. ૨
બાળા મચેલ મદમાં મચિ ભોગમાં તે,
દંડા મચી રૂદનમાં સ્વર ઝીણુ રીતે;
પક્ષી ચકોર શશિ જોયણુ ત્યાં પ્રકાસ્યું,
મલાર્નારવી વિરહથી થયુ પદમ પાસ્યું. ૩
વંશી તણા રાગણથી ઝટ જાદુ લાવે,
આવી કુરંગ દુકુ દાખલુ ત્યાં મચાવે;
ત્રી ગુણ ત્રણ ભવના અહિંને નિશૂરી;
આવી ચડયા અકળ એ ફૂડ કાંડા ગૂણ. ૪
વામાન બાળિ મનમાં કરી સ્તુતિ ગેતો,
આવ્યાજ દુર્ત તનુખી જગરાય એતો;
તુસ્માન થે મુજપરે ઉર ક્રોધ લાવી,
પૂછ્યું મને તુરત ત્યાં શિદ શોક કારી. ૫

શિખરિણીછંદ.

પિતા ભાના ગામ ભગત મુજ ત્રાતા ભવ તણા,
મતી પાળા શંભુ અધિક દુખ દે પંચમ જણા;
મને કેદે સાના કશાળ ગુ તણા વેરાજ બનો,
કરૂં હું તો એનું જમ જમ દિનાશે સતસનો. ૧
મહાદેવ—ચડ્યો હસ્તે ખાંડુ શૂળ ત્રશૂળ કાટો ફુળસતી,
કરો પાંચે હેરે ભર્ગાન જુગતી આસવસ્તી;
સુણો શાગુ ભર્ગના દિગ વિજય વાતો સુભસતી,
જતો શિદ્ધાં રાને મતિ સહિત પાપો રાવપતી. ૨
સૌભા૦—ફરી ભોળા શંભુ ગતિ સત્વહિન પરવર્યા,
ફરી નાગી ઝાઝી ધુરજટિ પગે રાજન ધરા;
પડ્યા નિંદ્રા મધ્યે અર્દ્ધાગ સહિત હેરધિ આતી,
કર્યા જૂના બાગો ફૂડ દિન તણા સસ્ત્રજવતી. ૩
આવું અઘોર કાર્ય કરી હું અઘોર વનમાં સંચરી.

ઇંદ્રવિજયછંદ

ભૂપ સુણો ફૂડિ કંથ વિનાને વિતલ ફૂડિ અથ વાત કહું હું,
પાંચ જણા તહિ ઠેર મૂઆ પછી રાજન રાજન ખૂબ જપું હું;

શું જ કરૂં હતી હું અબળાવળિ મેં નથી શિર શું જ કરૂં હું.
દીન થઇ દિન ચાલતિ તાપ નિશા સહુ શીત અનિલખમું હું. ૧
કેશરિ, સિંહ, વરૂ, હરણાં મૃગ, શાહુડિ, ભૂંડ, મટા ખૂંમ દીસે,
નોળ, અહી, અજ, ઘો, ગજ, ઘૂડ, વળી કુતરાં, ચિતરા મૂખ પીસે;
ખેચર, સારસ, તેતર, ચાતક, કોકિલ, મોર, ચકોર, અતીશે,
ગાઢર, જખ્ખ, શિઆળ, શશાંક, કપી, ખર, રીછ ફરે વન વિષે. ૨
ખંખતરૂ, વડ, આંબલી, પીંપર, બાવળ, કેતકી, ખેર, ખજુરી,
ચંપક, ચંદન, જામનુ ઝાડ, ગુલાબ, શતાવળ, આંબળી, તુરી;
શીશમ, સાગ, શિતાફળિ, કેળ, અખોડ, બિલિ, અર ફુલિ અમૂલી,
નિરખતાં વન અર્ધ વિતી ગયુ મલ્લ દિઠા મન હાલત ઐરી. ૩

મલ્લ—(શડમાં આવીને) અરે બેહેન તમે કોણ છો?

સો૦—(વીસ્મય પામીને) ધ્રુજવા લાગી; અને એકે ઉત્તર આપ્યો નહીં. એટલે

મલ્લ—બેન, કેમ ધ્રુજો છો? ધ્રુજશોમાં. અમે તમારી સારી રીતે તાબેદારી ઉઠાવીશું, માટે તમે બે ફિકર રહો, ને તમારૂ સત્ય અહીં કોઇ છોડાવનાર નથી.

સૌ૦—આવા ધીર જવાન શબ્દ સાંભળીને મને જરા હીંમત આવી; એટલે મેં કહ્યું કે હું રાજપુરના વઝીર પ્રધાનની દીકરી છું. એવું સાંભળી.

મલ્લ—

સોરઠો.

સુંણજો ભગની આજ, બોલું વાત વિવેકની;
છે દિન પંદર કાજ, માટે રહો ફિકર તજી. ૧
ન પડે દુખ પ્રતિદિન, પાસે સત્તર કીંકરો;
ન ચિંત રો સુખ લીન, ખાઇ પિને ફરતાં ફરે. ૨

સૌભાગ્યવંતી—

દોહરો.

ભ્રાત હે શ્રવણે સુણજો, કહો તમારાં નામ;
તીથિ અહો શું કામ છે, વદો તમે આ ઠામ? ૧

મલ્લ— ભ્રાત છીએ સત્તર અમે, મૂળ ભીલની જાત;

હાંજે ખાવાનું કરી, દિન કાઢીએ રાત. ૨
માસ એક વીતી ગયો, પણા ઉપર દશ દિન;
બેનો ગઇ છે સાસરે, આવો નહિ પર્યંત. ૩
તેથી તમને રાખિએ, ખાવા કરવા કાજ;
બેનો આવે એટલે, જજો તમે નિજવાસ. ૪

સો૦—ઘણાએક કાલાવાલા કર્યા, અને છેવટ આત્મહત્યા કરવાની બીક બતાવી પણ એ ભીલ લોકોએ જવા દીધી નહીં, ત્યારે આધિન થઇ તેમની સાથે ચાલી. મને બો તો લાગ્યો ખરો, પણ શું કરૂં. સાથે ગયા શિવાય બીજો એક ઉપાય નહોતો, તેથી સાથે ગઇ. જતાં એક ઝુંપડી નજરે પડી તે ભણી મને આંગળી કરી કહ્યું કે બેન, જાઓ પેલી ઝુંપડીમાં પધારો. તે ઝુંપડીમાં બેશી નિહાળી નિહાળીને જોવા લાગી તો ઝુંપડીનો આકાર બંગલી જેવો જણાયો, ને તેની ચારે ગમ નેવાં પડતાં જણાયાં. અંદર ખડી તથા રંગોથી રંગેલું હતું. વળી તે મરૂડીમાં દશ દીવા સાથે પ્રગટતા હતા, અને ચિત્રની ખુબીથી તેની શોભામાં કાંઇ ખામી રહી નહોતી વળી એની આગળ પાછળ જાય, જુય, ગુલદાવરી, ગુલાબ, અને બટ મોગરાથી ખીલી રહેલી વાટીકા હતી; તેથી અહો નિશ મંદ નેઠંડ સુગંધ આવતી. વળી તેઓ લૂગડાં લત્તાં મરૂડીમાં મુકતા ને તેની આગળ પાછળ સયન કરતા. કારણ કે કોઇ મારૂ હરણ કરી ન જાય. એવી રીતે મારી તાબેદારી ઉઠાવતાં છતાં તેઓ દિવસે ખેતરનાં જતા, ત્યારે મને નુકશાન નથાય માટે એક જણને સાચવવા રાખતા. એમ કરતાં કરતાં દશ દિવસ વિતિ ગયા, ત્યારે તેમની પાંચ બેનમાંની એક બેન આવી. એટલે.

બેન—ભાઇ, આ આપણા ઘરમાં કોણ છે?

ભાઇ—એ તો તારા કરતાં વાલી ને રરતે જતી દુઃખિઆરી બેન છે.

સો૦—રાજાજી, પછી અમે સો ભેગાં બેશી દુઃખની વાતો કરવા બેઠાં, તે વખતે મારૂં દુખ સાંભળી બેન અને ભાઇની આંખમાંથી અશ્રુપ્રવાહ ચાલવા મંડયાં, તે જોઇ મેં કહ્યું કે હશે, ઇશ્વરે ધાર્યું હતું તે થયુ, થાય છે ને થશે. માટે એમાં સોચના કરવી શા

કામની છે? એમ કહી રોતાં બંધ રાખી. ભાઈને કહ્યું કે ભાઈ
મને જવાની રજા આપો.

ભાઈ—પરમ દહાડે સામનાર છે માટે જજે.

સૌ૦—સારૂં ભાઈ તેમ કરીશ.

(૧)મલ્લ-બાઈઓ આગે આપણે આજ શેહેરમાં જઈએ, ને બેનને
સાસરવાસો કરવા સારૂ લૂગડાં લત્તાં લઈ આવીએ.

(૨)મલ્લ-ચાલો, એમ કહી શેહેરમાં જાય છે ને પૈસા આપી જે જે જોઈ-
એ તે લત્તા બેનને આધિન કરે છે. (એટલે સૌભાગ્યવંતી
પેહેરે છે ને પેડેરી રહ્યા પછી)

મલ્લ—

સોરઠો.

લ્યોને બુટ્ટી આજ, બેની ઘણી છે કામની;
મુએલ જીવતુ થાય,, એવી અમૂલ્ય દામની. ૧

સૌ૦— લીધા મેં તો ત્યાંય, આના કાનો નવ કરી;
ખોશાં કટિની માંય ત્યાંથી ઝટ સરતે પડી. ૨

જે શ્રી કૃષ્ણ ત્યાય, આવજો આવજો થઇ રહ્યું,
વિરહ દેહના માય, સર્વે આંખે જળ ગ્રહ્યું. ૩

(અનુષ્ટુપ છંદ.)

આર્ત્ત અર્ઘ્ય ચડું જ્યારે, ભાળ્યો સિંહ મેં દ્રષ્ટિએ;
બોલતાં હૂતો ત્યારે. સ્તબ્ધ થઇ ઉં ત્તરે
સિંહ આવી ઝપાટામાં, લપટ્યો બાળા ઉપરે;
મેં જાણ્યું પ્રાણ જાશે તો, ધારી મૂકી મેં પોકરે.

(મનહર છંદ.)

મેં તો જે પોકાર કર્યા, પારાંગ્ય મન ધર્યાં;
જાણ્યું મેં તાજ સારી, મદનાં મરેલી છે;
સિંહે તો તરાપ મારી, તેથી નારીએ પોકારી;
ગરજના પરી આવ્યો. દાઠી જ્યાં ઉભેલી છે;
સિંહની સામોજ આવ્યો સિંહ તેને મન ભાવ્યો;
બંદુક ઘોડો ચડાવી, ધારી ધારી મારી છે;

વાગતાં તે ધીબ પડયા, મારતાં તે નવ ડર્યા;
દોડતો ઝપાટે આવ્યો, સિંહ કાપ પાડી છે 1

(એવી રીત ત્યાં આવીને પેલા સિંહના કટકા કરી મારી પાસે આવીને)

દોહરો.

પારધી : પટરાણી કરૂ પ્રેમદા, ચાલો મારી સાથ;
શાણી સોને આઠ તે, સકળ તમારે હાથ;
સૌ૦ વિસ્મય થઈ ઉભી રહી, હું તો તેણીવાર;
ઉત્તર એક આપ્યો નહીં, કરીયો નમો જુહાર.

પારધી—

(હરીગીત છંદ)

(ઉપમા) ઈંદ્રાણી લક્ષ્મિ ભૈરવી રંભા હરા પુષ્પે ભર્યાં,
લેવા સુગંધીફુલની સૌ ફાગણે ફરવા ગયાં;
અત્તર અને બટ મોગરાનું મોગરેલ શિરે ધરી,
ગુલદાવરી ધરિ હાર કંઠે કંદ્રપે તીલક કરી.
ફરતાં હશે નિજ બાગમાં મદમાં મચેલા મન થકી,
એવે કદાચિત જગત ખ્યાતી સાંભળી કર્ણે વતી;
તજી દામ પ્યારો શ્યામ સ્થળને ચાલીયાં પુનમ તણી,
ઝટ ચાલતાંમાં ઝડપ જાણ્યું જાણુરો સજનો અતી.
માટે કરો દિલ ધૈર્ય ધારી ધર્મના ધુનગ વની,
એક ડાપણીનું ડોળ ગ્રહિને અહીં દીઠું રૂપ અતી;
એવી બનેલી હોય એવું જાણું મનમાં સુંદરી,
કાન્તી કળા વિધ્યા મદનથી પ્યારિ છું પુષ્પે ભરી.
પ્યારી ટળાવું દુઃખ દારૂણ દામ હામ વિવેકથી,
માટે પધારો પ્રેમદા મુજ ઘેર મોટા પ્રેમથી;

સૌભાગ્યવંતી-કહીત કરપી કાળ બાણે કોપનો કરનાર છું,
ફૂડા ન આવું જોડ તારી પ્રાણિને હણનાર છું.

પારધી (ગુસ્સો ચઢાવીને)

ઇંદ્રવિજયછંદ.

ચાલ તુ સુંદરિ સિંહકટી સ્વર મોર સુણી મનમાં બહુ માલું,
ચાલ તુ ઘેર અને શિખ પેર વળી તુજને પદવી ધજ આલું;

માટ ચઢ્યો શુભ સાથ હમારિ મેઢો નહિં બો ગડદા ત્રણ મારૂં,
સૌ૦-એમ કહી ઉચકી ઝટ બાંધ પછી નજરે પડિયાં કૂડ મારૂં. ૧
બાંધયિ ભૂમિ ભલીપર નાંખી ગયો તમને હણુવા ચડિ ચોટે,
ત્યાં તમને હણુતાં હણુતાં સમશેરથિ જીવ ગયો કુડમોતે;
એવિ રિતે કરશે કુડ કર્મ કમાન થકી ફરશી વણુ મોતે,
જો નહિં થાય મનુષ્યથિ ઘાત વિવેકિ પ્રભુ કુડને તવ પોતે. ૨

રાજા—અહો! મારી પ્રાણુ પ્રિય પ્રીયા આ વૃતાંત શ્રવણુ કરવા ઉપરથી મારા મનમાં તમારા દુઃખનો છબી કોતરાઇ જાય છે, ને તમને દુઃખ પડવામાં કાંઇ ખામી રહી નથી.

સૌ૦—(ગદ ગદતે કંઠે) શું કરીએ! ઇશ્વરનો કોપ થયો ત્યાં કોનો વાંક કાઢીએ! વળી તેમાં મારો પણ વાંક એ કહું પરણી નહીં જો પરણી હોત તો આવાં દુઃખ પડવાં અશકય હતાં. કહેવતછે કે, (ખાડો ખોદ તે પડે) એમાં બીજાનો શો દોષ.

રાજા—તેમતો કાંઇ નહીં. પરણ્યા પછી એ દુઃખ પડે છે. એતો ઇશ્વરી ઇચ્છા. એમાં કોઇનો દોષ નથી.

સૌ૦—દોષ આપણા કર્મનો કે વિધાત્રાનો કે એવું લખ્યુ.

રાજા—હવે તો તમારે પુર્ણ સુખ મળ્યું ને ઇંદ્રપુરીમાં માલવાનુ થયું.

સૌ૦—શેનું ભારૂં?

અંક ૨ જો.

પાત્ર.

અજીતસિંહ..............................સાખપુરનો રાજા ને સૌભાગ્યવંતીને પરણનાર.

સૌભાગ્યવંતી..............................અજીતસિંહ સાથે સ્વેચ્છાથી લગ્ન કરનાર.

સત્યસાગર..............................તેનો પ્રધાન.

સત્યદેવિ..............................તેની મા.

સારથી..............................તેનો રથ હાંકનાર.

હરણ..............................તેની પાસેથી નાશી જનારને પાસે આવનાર.

તીરમારખાં..............................તેના સૈન્યનો જમાદાર.

સૈન્ય..............................રાજાનું.

દાસી..............................સત્યદેવિની.

માલીમાલણ..............................રાજાને ફુંપ નાખનારી.

પ્રવેશ ૧ લો.

સ્થળ એક આશ્રમ.

પાત્ર, રાજાને સૌભાગ્યવંતી.

રાજા—

મનહરછંદ.

સાંભળો સતીજ આજ, દુ:ખ ન પામો લગાર,
પામો વિધ વિધ વાર, બનો રાજ રાણીજી;
દાસીનો નથીજ પાર, કરે નારીયો જુહાર,
ગામની નારીયો આવી, કહે રાજ બાઈજી;
સાખ્યપુરનો છું રાજા, બધી ભૂમી રાખે માઝા,
પુર તારૂં તાબામાં છે, કહે ચક્ર રાયજી;
પુરની શોભા શી કહું, પુરની મધ્યેજ રહું,
માટે વરો મારી સાથ, બનું વર રાયજી. ૧

સૌ૦—પરણવાની વાત તો પછી છે પણ જેવી તમે મારી ખીના પૂછી તેવી તમારી ખીના મને કહોને?

રાજા—બોલ, તું પુછે તેનો ઉત્તર આપું.

સૌ૦—બોલો રાજાજી, આપને કેટલી રાણીઓ છે? ને હોય તો તમાંની કેટલી પરણેલી ને કેટલી હરણ કરેલી? વળી તમારા ઉમ્મર કેટલી છે? અને તમારૂં રાજ ક્યાંથી ક્યાં સુધી છે? વળી તમારો પ્રધાન ઘરડો છે કે જુવાન? સૂર છે કે અસૂર? અને તમે એના કહેવા પ્રમાણે ચાલો છો કે મરજી પ્રમાણે? ને મરજી પ્રમાણે ચાલતા હો, તો કોઈ દિવસ છેતરાયા છો? વળી તમે કહીં લડવા ગયા છો? ને ગયા હો તો હાર થઈ કે જીત? તેનો વૃતાંત યથાસ્થિત સમજાવો?

છપ્પા.

રાજા—નથી વર્યો હું નાર, હરણ તો નથિ મેં કરિયું,
રંગ ન કરીયો ભંગ, એક ઈશ્વરથી ડરિ હું;
ઉમ્મર મારી વીશ, દસકમાં આવી પોંચ્યો;
મંત્રી ઘરડો સૂર, ઘટે અહુ જશ નવ ગાંજ્યો;

વળિ લડયો નથી લડવું નથી, અજીત સૌ મુજને કહે,
નરેન્દ્ર ભૂમી જગ પાળ છું, બાંધો પ્યારી પ્રિત હવે. ૧

(એમ કહી ગળામાં હાથ નાંખી ચુંબન કરવા જાય છે. એટલે)

સોભાગ્યવતી—પરનારીની પ્રીત, કરેથી ઇશ્વર રૂઠે;
પરનારીની પ્રીત, કરેથી આયુષ ખુટે;
પરનારીની પ્રીત, કરેથી લાજ મિટાવે;
પરનારીની પ્રીત, કરેથી ઘર ધન જાવે;
પરનારીની પ્રીતિ કરી, રાજપાઠ તન બળ જશે;
વસ્તુ વિદ્યા યશ હીણુ થઇ, તનમાં ધજા વ્યાધી ધસે ૧

રાજા—નથિ કર ઝાલ્યો કોઇ, પારકી સ્ત્રિ કયમ કહીએ;
આયુષ ઓછું થાય, નારદ્દિ જ્યારે ગ્રહિયે;
ઘર ધન લંપટ જાય, ચોરી ને ચાડિ કરતાં;
શું થાય તુજને દિસ, સુઘડનરને અહિં વરતાં;
પરણીશું આપણ પ્રીતથી, બોલ તમારો થાપશું;
દુઃખની વેળા સ્હાય થઇ, વિઘ્નો સર્વે કાપશું ૨

સો૦—વણિક કેરી જાત, રાંક છુ હું તો રાજા;
નવ છેડો ભૂરાય જરસ્તો રાખો માઝા;
વિધ વિધ વચનો ગ્રહે, હોય તે જાતે રાજા;
રૂપ ગુણથી ભરપૂર, સૂર્યવંશી જે શાખા;
વળી વિનય ઘણો એમાં હશે, અહો નિશદીન પાળશે;
એવા વિત્ત વિદ્વાનનેજ, વરીશ હું તત્કાળશે ૩

રાજા સાંભળ શાણી સુંદરી વણિકની પુત્રી તું તો;
રાજર્ષી દીનપાળ, વિખ્યાતો છું હું તો.
રૂપ ગુણનો ભંડાર, પૃથ્વીમાં તમો પેખો;
ન મળે નારી જોડ, વંશમાં કો, છો તેતો,
વળી વિનય વિધી વાણી વદી, વચન તમારૂં થાપીયે,
હાસ્ય વિનોદી હર્ષે કરી, સુખ શાંન્તિમાં રાખીયે. ૪

સો૦—(મનમાં) રાજાને ઘણાં ઘણાં વચનોએ કરી બાંધવો કે વિઘ્ન વે-
ળા વ્હારે ધાય એમ ધારી (રૂપષ)

(સોરઠો.)

સુણો રૂડા મહિપાળ, બો મનમાં લાગે ઘણો;
પરણું જો આ કાળ, પીતુ મુજ માર્યો જશે, ૧

દોહરો.

રાજા—સાંભળ રાણી સુંદરી, વદું વિવેકી વાત,
દે શિક્ષા ગૃહ વિતતો, કરૂ હું તેનો ઘાત. ૧
આંગળિ લાંબી જો કરે, કાપુ પોંચો સાર;
વદે નઠારી વાણી તો, જીભ કાપું તે વાર; ૨
ઠોકર મારે ટાંકડી, હસ્તે હાલ દુહાલ;
લોચન પોળું જો કરે, ફોડું ધરિને કાળ. ૩
હો તું પ્યારી સુંદરી, પ્રમદા આજેથ;
જો તુજને વંદે નહી, ખેંચી કાઢું કેશ. ૪
પ્યારી મારી સુંદરી, ચાલો મારી સાથ;
તું યે પત્ની માહરી, હું નક્કી તુજ નાથ. ૫
પ્રભે તુજને મોકલી, મારે સારૂ આજ;
હું તુજસર આવી ચડયો, રૂડું આપણું કાજ. ૬

સૈ૦—પ્રાણનાથ, આ આપણા બેઉના વૃતાંત્ત ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે કે, મારે વાસ્તે તમારે; ને તમારે વાસ્તે મારે, જન્મ લેવાની ફરજ પડી છે. કેમકે જુઓ. હું પિયુને, ને તમે પ્રિયાને ખોળવાને નીકળેલા છો ખરૂં કે નહી?

(અનુષ્ટુપ.)

રાજા—સત્ય કેણુ સુણી સ્યામા, વરો અનંગ કર્મથી.
એટલે—ભર્તા પણ તુ જા કામા, સાક્ષાત શ્રુતિ દર્મથી. ૧
સંહાર કરિ દાન્વોનો, કરતા પ્રતિ પ્રેમદા;
(એવો) વચન યુકત તારીવો, પ્રાશ્ચિત દ્રોહ મિલતા. ૨

દોહરો.

સૈ.બા૦—રાજા ભૂમીના તમે, સત વાદીને સૂર.
વિતવાળા વિદ્વાન છો, સ્યાથી વંશે સૂર્ય. ૧

રાજા—અરે સુંદરી હું તારી સાથે એક પણ ઉચ્ચાર કરનાર નથી,

કારણ કે (પેંચ પકડ મિજેકુ જોર આતાહે) એ દખાણા પ્રમાણે જેમ જેમ હું ઉત્તર આપતો જાઉં છું, તેમ તેમ તું પ્રશ્નનું કારણ જાણ્યા છતાં પ્રશ્ન પુછતીજ જાય છે. માટે હું તને એક પણ ઉત્તર આપનાર નથી. હુંતો મારે પંથે પડીશ, ને તારા જેવી તો ચણુસેં તાણું લાવીશ, ને પાંચસેં સાતસેં જનાના ખાતે જમે રાખીશ, તો પછી તુ તે શા લેખામાં!

એમ કહી રથમાં બેસવા જાય છે) એટલે

સો૦—રાજાજી હું પણ પંથે પડુ છું પણ મને વરવાને વાસ્તે તમે જે મિત્ર દ્રોહનુ પાપ માથે લીધુ છે તે તમારે માથે ચોંટયું.

રાજા—(વિસ્મય પામીને) ઉભી રહે પ્યારી, કયાં જાય છે? હુંતો જરા મસ્કરી કરૂં છું એટલાંમાં જાગ છે કયાં? મારે તો પરણવુંછે.

સો૦—રાજાજી, આપ હું માગુ તે આપો, ને વચન થાપો, તો પરણું.

રાજા—મનનો અંદેશો દુર કરી કરારે માગો. હું સત્યવાદી ને પરદુઃખ ભંજન રાજા છું, તે તમારી કામના સિદ્ધ કર્યા શિવાય કેમ રહીશ.

સો૦—એકતો એકે તમારે જાન લઇ રાજપુરમાં આવવુ. અને તે જાનમાં મંડળીક રાજાઓ, સૈન્ય, અને સકળ સમાજ સાથે આવવું.

રાજા—પ્યારી, હુંઆખી પૃથ્વીનો ચક્રવર્તિ રાજા છુ, તે જો સકળ સમાજ સાથે આવુ, તો તેના તોરીનું તાણુ પણ તારા તાતથી થઇ શકે એમ છે નહી, તો પછી (ખાવાનાં શું ખોખાં,) !!

સો૦—પ્રાણનાથ, ખોખાં એ શો ઉચ્ચાર! મેં આપને આગળથીજ વર્ણવેલું છે કે. મારો પિતા રાજાનો પ્રધાન, ને વળી આખા રાજમાં ને આખા પુરમાં મોટો નિશાન શેઠિયો ગણાય છે, અને લોકોમાં (કમળશાથીજ કમળ પ્રફુલિત રહેલું છે) એવી કેહેવત સોલસપાટે દિલમાં રહી રહેલી છે, માટે કશારે લાવજો; ને આજથી હું આપની પત્ની થઇ ચુકી.

રાજા—ત્યારે તો કાંઇ ફિકર નહીં હું લાવીશ, પણ મારો વિચાર એવો છે કે, આપણે અહીં ગાંધર્વ વિવાહ કરીએ તો ઠીક.

સો૦—ત્યાં પરણવાનુંજ છેરતો. આપણે અહીં વગર કારણે ગાંધર્વ વિવાહ કરી નિરંજન નિરાકાર ઇશ્વરના બંધન થવું, એમાં શો માલ,

રાજા—આજ તો વણિકને ત્યાં, પણ મારૂ મન તને દ્રષ્ટિ ગોચર થયાથી મદનના મદે કરી ગદમાં મચી રહેલું છે. માટે આજ ઘડી ઠંઠો પાડયો? મારો જીવ બહુ ગુંચાય છે.

સો૦—(મનમાં)આહો ઇશ્વર થી તારી કુદરત ! કે જ્યારે હોય ત્યારે મારે સંભારવાનુ મન થાય છે, ત્યાર પેહેલાં પ્રાણનાથ સંભારે છે કે મારૂ માન રેહે છે. (એમ ધારી રૂપ૯) મારા પ્રીય પ્રાણુ નાથ, આપતો આંગળી આપતા સોરો પોંચો લઇ જાઓ છો, જુઓ મેં પરણવાને હા પાડી. ત્યારે તમે કામ તૃપ્ત કરવાનુ કાહાડયું. ને તે સરશે ત્યારે બીજુ કાઢશો. એમાં બીલકુલ સંદેહ નથી.

ઉપેંદ્રવજ્રા છંદ.

રાજા-સરે અમારૂં મદમાતુ કેણુ, ન બોલુ પ્યારી ફરિ કાંઇ વેણુ.
સો૦—પ્રતી પતી છે મદમાં ચડેલા, જુવંતિ જોડે નહિ કાં હળેલા. ૧
જુવાન પ્યારા ભરિ હર્ષ માલો; વિધીવતી આત્મજ એક આલો,
રાજા-ઉમંગ ઝાઝી મનમાં જણાવી, પિડા અનંગી ઝટ મેં સમાવી. ૨
એટલે.

સો૦—

દોહારો.

સુંદરી કે સારૂ થજો, સર્વે આપણું કાજ;
જાઓ તમો પુર વિષે, અખંડરો, આ રાજ. ૧
તેથી અધિકારો, તમો, કુશળ રાજ કુંમાર;
એ આશિષ છે સુંદરી, પ્રાણ પ્રીય ભરથાર. ૨

રાજા— અખંડરો, પ્રમદા તમે, માત તાત સૌ સાથ;
સમરણ મારૂ ધરીને, રેહો સુખથી દિન રાત. ૩
બોલો બીજી વાત છે, નાત જાત નહિ ખોટ;
હથલી કયારે આલિએ; પોંચે મુજ તુજ કોડ. ૪

સો૦— આજે સાતમ શોમ છે, અહો લાગશે આઠ;
પૂનમ દીન પધારજો, રાજપુર સૌ સાથ. ૫
જો જો ચિહ્નિ સા માહરી, હોઇશ જરૂખા માંય;
સજન ચિન્હ એ હોયના, લઇને નાસો ત્યાંય. ૬

ફરી આવજો પાદરે, કરજો અદ્‌ભુત કામ;
પરણાવાનું ના કહે, યુદ્ધ કરો તે ઠામ; ૭
પરણીને પાછા ફરો, લેજો મુજને સાથ.
વંદી કહુ છું એટલું, ભુલશો માં હે નાથ. ૮

રાજા— સારૂં સાણી સુંદરી, કરીશ હુંતો એમ;
કરીશ શુભ ફળ નીપજે, ખોડ ન આવે તેમ; ૯

સો૦— ખોલું ભોળા નાથજી, પ્રૌઢો વંશી ભાગ;
ઢોલ નિશાનાં તાયફા, વાજાં વિધ વિધ રાગ. ૧૦
લાવી ડંકા ઠોકજો, ધ્રૂજાવજો ધજ ગામ;
(જાણ્યે) રાજા લડના આવિઆ, તોડે ઘર લે ઠામ. ૧૧
નક્કી કહુ છું નાથજી, ચૂકો નહિ તે વાર;
વીધ વિધ આભૂષણ સજી, બનો વંક તે વાર. ૧૨

રાજા— સાંભળ શાણી સુંદરી, શેઠ તણી કુંમાર;
ખાસ ચાલ છે વંશનો, ચૂકૂ કયમ ક્ષણવાર. ૧૩
પ્યારી ધારી ધૈર્ય તું, જોજે મારી વાર;
તુચ્છકારિ હોય તુજને, થજે અશ્વ અસ્વાર; ૧૪

સો૦—વારૂ પ્રાણનાથ તેમ કરીશ, પણ હવે તો રજા માગુ છું.

રાજા—પ્રીયા, છેલ્લીવારનુ ચુંબન તો કરાવ?

સો૦—મારા પ્રાણ પ્રિય પ્યારા પ્રાણનાથ હું કયારે ના પાડુ છુ, એકનાં બે કરો (એમ કહી ગુલાબના ફુલ જેવો ગાલ ધરે છે.)

રાજા—(ચુંબન કરીને)પ્રીયા, મને તારૂ મુખારવિંદ જોઇ જવાનુ મન થતું નથી.

સો૦—છુટકો છે, (એમ કહી પરીક્રમણ કરી પગે લાગી પંથે પડે છે, ને રાજા પણ ઘર તરફ પરાતાં કરે છે)

પ્રવેશ ૨ જો.

સ્થળ, રાજાનું ઘર ને એક અરણ્ય,

પાત્ર, રાજા, પ્રધાન, શલ્ય દેવિ અને તીસમારખાન.

અનુષ્ટુપ છંદ.

શલ્યદેવિ—ગયો ક્યા યુવા રાજા, વેદાંત સ્મૃતિ ધર્મપી.

થાઓ દેવો અહી માઝા, આદ્યંત સુધી હર્ષથી. ૧

રાજા—

દોહરો.

હું પીંચ્યો રણને વિષે, ખાધો પ્રૌઢો શાપ;
તે વદવા જેવો નથી, નહિ વહુ મારી માત. ૧

સત્યદેવી—પ્રભુ વિના થાશે ફના, રિદ્ધી સિદ્ધી રાજ.
માટે બોલો આપદા, બેસે પ્રૌઢાં પાપ. ૨

હરીગીત છંદ.

રાજા—હું નગર છોડી નીસર્યો ને ચાલિયો રણને વિષે,
ત્યાં હરણ મુજ દ્રષ્ટી પડ્યું શર મારીયુ તેને શિશે;
શર વાગ્યુ તેના હાડમાં પડ્યુ ઉચ્છળી ધરણી વિષે,
(બોલ્યુ કે) દુ:ખ માત ધુવતિને પડે તે પાપ નૃપ તારે શિશે. ૧
વળિ માત યુવતિ આવી તેની શાપ દીધો સો ઘણો,
વીયોગ થાજો પ્યારિ તારી તુજ જણીના મા તણો;
સુણી શાપ હું દિગ્મૂઢ થઈ પડિયો ઢળી ધરણી વિષે,
મૂર્છા વળ્યે રથમાં પધારી આવિયો રસ્તા વિષે. ૨

(એટલામાં ગુણખાણ પ્રધાનજી સત્યસાગર પ્રવેશ કરે છે, એટલે)

સત્યદેવી-અહો! પ્રધાનજી, આ કોઇકરાએ તો ગારાને દાટ વાળ્યો દેખાય છે.

પ્રધાન-એવું તે શું છે રાજ માતા !!!!!!!!!!!!!!!

સત્ય—મા, ને પત્નીનો વિયોગ થવાનો શાપ ખાઇ આવ્યો છે

પ્રધાન—(વિસ્મય પામીને) અરર એ શી ગજબની વાત !!! પણ
કાંઇ ફિકર નહી. કારણ કે જ્યાં સુધી રાજાજી પરણ્યા નથી,
ત્યાં સુધી વિયોગ થવાની વાત બનવી અશક્ય છે. ખરૂં કે
નહી?

રાજા—(ઓચિંતા)પરણવાનુ પણ બાનું લાવેલો છું.

પ્રધાન—(વિસ્મય પામીને) કયાંથી વારૂ?

રાજા—(મોં મલકાવીને) શિકાર કરવા ગયો હતો ત્યાંથી.

પ્રધાન—રાજાજી, આપ કહેતા હતા હતા કે રૂપ ગુણ અને જ્ઞાનથી
ભરપુર હશે, ને આરા રાજ્યાસનને શોભે એવી હશે, તેની

સાથે લગ્ન કરીશ. તેનું કેમ વારૂ??

રાજા—તેવીજ, ને વળી તે કરતાં પણ ત્રણ છોગાં વધારે ગ્રાળી.

પ્રધાન—(હસતે વદને) જરા રૂપતો વર્ણવો?

રાજા—

(તોટક છંદ.)

શિશ શોભિત કંદ્રપ તુલ્ય બન્યું, દિલ દેખત ચંપક વર્ણ કળ્યું;
કુચ લાલ કઠીણ બિલા સરખાં, મદ મધ્ય મચેલ અમે પરખ્યાં. ૧
સુક કોકિલ મોર અમે મૃગલાં, સુદ્ધ મનોહર વેણ ભલાં;
કુળિ જાનુ હતી કદળી સમ તે, હરણી સમ પેંક્તિ તે વનમે. ૨
નિરખી નિરખી કટિનેજ જુએં, મન મોહિત થૈ મુખ પાણિ સુએ;
ધણિ શાણિ નિવેકિ ગુણી તરૂણી, વદુ તો વદુ હું સઘળું વરણી ૩
પરધાન કહે સુણ રાય તમે, ભલિ છે ભરપૂર મનેજ ગમે;
ગુણવાન ભલી તમ સાથ વરી, નૃપજીજ વદો કયમ પ્રાપ્ત કરી. ૪

રાજા—જુઓ મેં આપને હું મુર્છામાંથી ઉઠયો, ત્યાં સુધીની બનેલી બીના કહી. પછી હું મુજપરાને માર્ગે જતો હતો, તેવામાં વેગળે આ ઉપર વર્ણવેલી કલત્ર ઉપર કોઇ ઘાતકી માણસ જુલમ કરતો નજરે આવ્યો, તેને મેં અદ્ભૂત યુકિતથી ઇશ્વરની હજુરમાં હાજર કરી યુવતી સાથે વાતચિત કરી ગાંધર્વ વિવાહ કર્યો, ને છેવટે પુનમ ને સોમવારનુ લગ્ન નિરધારી પાછો ફર્યો છું. તેનું ગામ રાજપુર. નામ સૌગાગ્યવંતી. સાસુ સસરો રૂક્ષ્મણી ને કમળશા. સાળામાં સુન્ય. ને ગામના રાજાનુ નામ શ્વેતસિંહ છે.

પ્રધાન—(અચંબો પામીને) હેં હેં હેં!!! ત્યાં સુધી એ નક્કી કર્યુંછે?

રાજા—(મોં મલકાવીને) હા હા હા પ્રધાનજી હા વળતી કાંય?

પ્રધાન—ત્યારે તો ચાલો, લગ્નનો સામાન તૈયાર કરવા માંડીએ.

(એમ કહી જે જે જોઇએ તે તે મંગાવે છે.)

રાજા—પ્રધાનજી, હજી એક વાત રહી ગઇ છે.

પ્રધાન—કહોજી, શું રહી ગયું છે?

રાજા—મારી પ્રાણ પ્રીય પ્યારી પ્રીયાએ મને સુચવેલું છે કે, એમે વાણીયા છીએ ને આપ ક્ષત્રી છો, તો વખતે મારો પિતાં હસ્ત મેળાપ કરાવવાની ના પાડે, તો હરણ કરજો. એવું કહેલુંછે, માટે

સૈન્ય તૈયાર રાખજો. હો?

વળી આપણા સઘળા ખંડિઆ રાજાને ને મોટા મોટા શેઠિઆઓને કંકોત્રીઓ લખજો કે તેઓ લગન ઉપર સાથ સર્વે વેહેલા પધારે અને તેમને શિરપાવમાં આપવા સારૂ મંડિલ, જામા શાલ, પટુ, ધોતીજોડા ને કિંમતી પાઘડીઓ. નિશાળીઆઓને વાસ્તે રમણિક ચોપડીઓ. કુમારીકાઓને વાસ્તે અતલસ, કિનખાબ, ગજીઆણી, સાટિન, ખુબસુરત રેજા ને કિંમતી મિઠાઈ, એ પ્રાંત જીલ્લા, તાલુકા ને તેનાં ગામડાંઓ ને ચોરે પુનમ ને સોમવારને દિને હવાલે કરજો.

વિશેષ એટલુંજ કે ઉપરના પ્રાંત જીલ્લા તાલુકાના ને ગામડાંઓમાં સરક્યુલર નંબર [૮૦૨] થી જાહેર કરો, કે રાજા છત્રપતિનું લગન સુદરહુ વર્ષના માહા સુદી પુનમને સોમવારનું નિરધાર્યુંછે, માટે સઘળાઓએ દશ દિવશની રજા પાળવી ને તે દિવશમાં કોઈને શિક્ષા કરવી નહીં ને જુના કેદીયોને મુકત કરવા વળી દશ રૂપિયા પગાર વાળાને એક રૂપિયો જાસ્તી એટલે દશના અગિઆર આપવામાં આવશે. એ પ્રમાણે સઘળાઓનો દરમાયો વધારવામાં આવશે.

રપટ નંબર [૪૮૪૯] થી જાહેર કરવાનું કે સરકારી નોકરમાં કોઈને પાંચ રૂપિઆથી ઓછો દરમાયો આપવામાં નહીં આવે.

સહી સત્યસાગર પ્રધાન.

સહી અજીતસિંહ છત્રપતિ.

કંકોતરી લખાવે છે, ને મોકલાવે છે એમ કરતાં કરતાં અરૂણ અસ્ત થાય છે, ને ચકોર નેપોયાણાનો પ્રીય ચંદ્રમા ઉદય થાય છે એટલે પ્રધાન નિજ મંદીરે પધારે છે, ને બીજે દિવશ પાયજો દિવાન દરબારમાં દાખલ થાય છે, ને રાજાને પ્રધાન વાતો કરે છે. એમ કરતાં કરતા ચાર વાગી જાયછે. એટલે

રાજા— પ્રધાનજી, આજ રાત્રીએ રાજપુર જવાનું છે, માટે સ્વારી કરી આવીશું?

પ્રધાન—હા, હું તો તૈયાર છું. (એમ કહી) એ બે તીસ્મારખાન?

તીસ્માર-હાંજી સાહેબ આપની હજુરમાં હાજર. કયા કામ હૈ?

પ્રધાન—મહારાજ સ્વારી જાના હૈ, માટે સૈન્ય તૈયાર કરી

(તીસમારખાંન જાય છે; ને સૈન્ય તૈયાર કરી લાવેછે, એટલે ચાકર ઘોડો લઇ આવેછે, કે રાજા બેશી ચાલવા માંડે છે. રસ્તામાં જતાં એક હરણુ બેકતું રાજાને નજરે પડે છે, તે જોઇ)

રાજા—પ્રધાનજી, મને તમને તથા સૈન્યના તમામ ઘોડેસ્વારોને સખત તાકીદથી ખબર આપવામાં આવે છે કે આ હરણુ બેકે છે, તેને ઘેરો ઘાલી આંતરો? ને તે ઘેરા પૈકી જેના અશ્વ તળે થઇ હરણુ જાય તેણે પકડવું અથવા મારવું ને તે પ્રમાણે નહી વર્તે તેને રાજા છત્રપતિ [૫૬૭] મા કાકદાની [૭૭] મી કલમ પ્રમાણે અવળી ગાણુએ ઘાલી પીલી નાંખશે એમાં બીલકુલ સંદેહ ગણવો નહીં ને એ બાબતમાં કોઇની વગ શગ કરવામાં નહીં આવે. [એ સાંભળી]

પ્રધાન—

દોહરો.

(મનમાં) મુજ અશ્વે જો જાય તો, આવે મારી મણુ;
જાજો નૃપ તોરી તળે, કહું છું નમિને ચર્ણ. ૧
હરણુ જશે આપણ તળે, જીવ જાશે તત્કાળ;
જજો રાય તોરી તળે, દઇને મોટો ફાળ. ૨
મુલ્લાં કે અલ્લા ખુદા, પેગંબર સુલતાન;
માર્યા જાતા આબ ઘડી, છોડો હુઆ સલાબ. ૩
(એવામાં દૈવયોગ તે, મુલ્લાં સૈન્ય દીવાન;
એ સૌના કંકાસથી, પામ્યું હરણું જ્ઞાન;
ચિત્તમાં ચેતી ચતુર તે, નાહુ કરીને શોર.
રાજાના તોરી તળે, નિકળ્યું કરીને જોર. ૪
રાજા કોપી ક્રોધથી, માર્યો ભાલો જ્યાંય;
હરણું ચેઠી દોડીયુ, મારી કુદકો ત્યાંય.) ૫

રાજા—

(સોરઠો.)

જાઓ તમો સાજ, વહુ તે વહજો માતને;
હરણુ મારવા કાજ, રહ્યો છે આત્મજ વાટમે. ૧

આવ્યા કયમ સૌ શેરી કે જે પ્રતિજ્ઞા કરી;
માટે આવ્યા ઘેર, અંમો તહીંથી સંચરી. ૨

(ભુજંગી છંદ.)

પ્ર૦—હેરે રાય સુંણો કહું વાત સાચી, પકી ઉમ્મરે શું રખો બુદ્ધિ કાચી;
ધરી ધૈર્ય રાખો ન ઉમંગ ઝાઝી, વદુ લાભ માની ચલો ઘેર કાજી. ૧
રાજન—નમીને કહું સર્વ સાથી અમારા, અહી હર્ણ મારી વળું ઘેર પ્યારા;
જપી રૂદ્ર એકાદશે મંત્ર બાણે, મુકૂ તર્ત તે છોડસે હર્ણ પ્રાણે. ૨
પ્ર૦ ગયુ હર્ણ નાશી નથી વાત છાની, વલેશી થશે રાયજી પર્ણત્તાની;
ભલી રાજ વિદ્યા શિખી કયાં ગુમાવી, રૂડા કત્ય મધ્યે કરો કયાં ભવાઇ ૩
રાજા—સુણો સૂર શાણા વિવેકી પ્રધાન, વદુ લાભ માની વળોને દિવાન;
નહીં માનશો તો ઘણો માર ખાશ્યો, કૂડે હાલ બેહાલ તો ઘેર જાશ્યો.૪
ઉભા જો રહો તો અબી માથુ છેદુ, થઇ ક્રોધિ મોહાસ્તરે છાતી ભેદુ;
રૂડુ કેણુ માની વળો ઘેર કાકા, જજો ઘેરને બોલજો સત્ય માતા. ૫
પ્રધાન (મનમાં)

દોહરો.

અફિણ કેરી ઘેરમાં, સામું ઉચરે સાથ;
અફિણ ઉતરશે એટલે. નમશે જોડી હાથ. ૧
માટે વંદીને વદુ, સાંભળ શાણા રાજ;
(૨૫૪) હરણુ પકડી મારીને, આવો ઘર નૃપરાજ. ૨
રાજા—જાઓ શાણા સૂર હે, પ્રધાન જાણી પેર;
હરણું મારી ઝડપથી, આવું છું હું ઘેર. ૩
સલામ કરીને જાય છે, પ્રધાન તેણીવાર;
હરણાની પાછળ જઇ, વદયા રાય ઉચ્ચાર. ૪

(ઇંદ્રવિજય છંદ)

રાજા—ભૂચર મૃગ વિવેક થકી વનવાસ તજી ભુવને મુજ ચાલો;
હરણુ—બંધન મુજ કદી ન કરો સુભ ભોજન રાજન જો પ્રતિ આલો;
રાજા—એજ રીતે કરશું મૃગ રાજન અદ્દલરોજ, કુભર્મ નિવારો,
આવતુ પાસ ન નાશિશ બીકથી મૃગપતિ મન હામ ન હારો. ૧
(પછી હરણુ પાસે આવે છે, એટલે હરણને લઇ શુકન જોતા દુખડાં બોતાં રાજાપુરમાં પ્રવેશ કરે છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ રાજાનુ ઘર ને રસ્તો

પાત્ર, રાજા, પ્રધાન, સત્યદેવિ, દાશી, સૈન્ય અને માલી માલણ.

પ્રધાન—રાજાને જોઇ (મનમાં આશ્ચર્ય પામી) માહારો વહાલો બહુ હોંશીઆર નીકળ્યો!!

એક વખત શિકાર કરવા ગયો ત્યારે ગુણ અને જ્ઞાનથી ભરેલી કુટડી પ્રેમદા પરણુતો આવ્યો ને આ વખતે હરણને નહી મારતાં પકડી લાવ્યો અહો! શી ઇશ્વરી કુદરત! (સ્પષ્ટ) રાજાજી. હું ને સત્યદેવી આપના ધૈર્ય વિષે હમણાંજ વાતો કરતા હતા. એવામાં આપ આવી પહોંચ્યા.

રાજા—પ્રધાનજી, મને આજ કાલ કરતાં વીશ વર્ષ થયાં, હું કાંઇ નાનો નથી તેમ, બુદ્ધિ હીંણુ પણ નથી, કે તમારો ગાંજ્યો જાઉં. હું તો અઢળક વિવેકી ને ઉમદા વિચારનો આદમીછું. સમજ્યા કે નહીં?

પ્રધાન—ભાઇ સાહેબ, મેં આપના વિરૂદ્ધ એક પણ ઉચ્ચાર કર્યો છે?

રાજા—ના શેનો કરે! તમારા મનમાં તો એમ હતું કે એનાથી હરણ ઠાર થવાનુ નથી, તો પકડવાનું શું પાંદડાં! માટે એનાથી પરમ દહાડે હસ્ત મેળાપ થવાનો નથી. એવી ગપ્પો હાંકતા હતા. ખરૂં કે નહીં?

પ્રધા—(નમ્રતાથી) જી, સાહેબ. એમ તે હોય! જેણે જેનુ રૂપ કળી ન શકાય, એવી રૂપગુણથી ભરેલી પ્રેમદા એક નિમિશ માત્રમાં પ્રાપ્ત કરી, તો એક જુજ હરણું તે શા લેખામાં? પણ આ હરણના હસ્તા વદનથી એટલું તો સ્પષ્ટ સાબિત થાયછે, કે આ હરણ આપે જોર જુલમથી નહીં, પણ ફોસલાવીને લાવ્યા દેખાઓ છો. ખરૂ કે નહીં?

રાજા—વાહ વાહ વાહ પ્રધાનજી વાહ !! તમારી બુદ્ધિ તો અણહદ દેખાય છે. કે હું ફોસલાવીને લાવ્યો, તે પણ તમે પરખ્યું અહો! શી અક્કલ!

(એવામાં દરબારમાં દાસી પ્રવેશ કરે છે.) ને

દાસી—રાજાજી જનાનખાનામાં પધારો.

(એ સાંભળી રાજા જાય છે એટલે)

સત્યદેવી—અહો! મારા પ્રાણપ્રીય એકાશ પુત્ર, આ બાજોટ ઉપર પધારો.

(એટલે રાજા બેસ છે. એટલે યૌવના મદ કરી મદમાં મચી રહે-
લી સ્ત્રીઓ, ફટાણા ગીતથી અને ફુલ, પાન, થળિયા ને પાણી
ની વૃષ્ટિ કરી પીઠી ચોળવા મંડી જાય છે.)

પ્રધાન—

દોહરો.

પીઠી ચોળી ઉઠિયા; ગયા ગૃહની બાર;
સુવાસવતી મસળી ધરી સ્નાન કર્યું તેવાર. ૧
જાતી આવ્યા ઘર વિષે, બેઠા ઘરની માંય;
આભૂષણ ખૂબ ઓપતાં, સજવા માંડ્યાં ત્યાંય. ૨

(મનહર છંદ.)

બતરીસ ડેરીવાળો, કિરીટ ધર્યો રૂપાળો
તપી ભાનુ સમ ખૂબ, દીસે રૂડા રૂપમાં;
કાને કુંડળોજ શોભે, ગળે ગળચવો ઓપે;
સુવર્ણ હીરાની કંઠી, વરમાળ જુથમાં;
ભુજે બાજુબંધ બાંધ્યો; કટીમાં જમૈયો ગાંધ્યો,
હાથે દેઠ વિંટીયાને, પોંચી મણી બંધમાં,
કેડે સોનાનો કંદોરો, પગે ઓજ જાત તોડો,
માથે મોતીનો છે તોરો, દીસે બીજા નંદમાં. ૧

માલી માલણ— આવી માલી માલણનુ, માથે મરછ મોગરાનો.
ગુલદાવરી ગુલાબ, ફુલ જુયજાય.જી;
અવો અધિકો અતારે, આપ્યો અંન આપનારા,
ખૂંપ ખૂબ ખિલિ રહ્યો, મુકો માથે રાયજી;
સારૂ સતવાર સજે, અખંડ હમેશે રજે.
જાઓ સુભ સુકન જોઇ, પામો પુર લાવજી;
પુરમાં પધારો વેલા, પુરમાં પધારો વેલા.
માલો મદમાતી સાથ, રૂડો રાજદાવજી. ૨

(પછી નરેંદ્ર ગજેન્દ્ર ઉપર ગોઠવાઇ ચાલવા મંડ્યા ચાલતાં ચાલતાં
રાજા—

દોહરો.

પ્રધાન સાંભળો શેઠજી, સાંભળો મારી વાત,

કરી રણ્યુ કરવું પડે રજો મારી સાથ. ૧
જોજારો સજજો તમે. તરકસ તીર કમાન;
કુરખી પાસે રાખજો બખ્તર રાખજો બાણ. ૨
વળી વદો દિવાનજી, રસક રૂડી વાત;
મોહિત થે મુછા ઠજું, એવી અમ્રીત વાત. ૩
પ્રધાન—જો ક્રોતા રાજા તમે, વર્ણન કહુ સુભ પેર;
ફોજ તણું વર્ણન વદુ, આવે અક્રિગુની લેર. ૪
રાજા—આપની મરજી વદો ત્યારે.

દોહરો.

પ્રધાન—રાજા બેઠા ગજ વિશે, ફોજો અઘે જાય;
પેદળ ચાલે પગ થકી, ઘડિએ ગાઉ કપાય. ૧
આરૂઢ હાંકે અશ્વને, બંદુક સિંગિન સાથ,
છુટે ડંકા નાંખીયા, ભાળે ભૂમીનાથ. ૨
ગોળો દારૂ તોપ છે. હસ્તે બાણ કમાન;
ખંજર રૂપતી સાંગ છે કાપે ધાડું શાન. ૩
વળી સમશેરો સોભતી, છરા કટારી સાર;
જંજાયોના જુથમાં, ગોળાનો નહિ પાર. ૪
ઢાલો મૂકી ઢળકતી, છત્રિશ આયુદ્ધ સાથ,
શેઠો પેઢ્યા પાલખી, મેનામાં મા સાપ. ૫
બીજી ધર્મી નારીયો, બેઠી રથની માંય;
ગીતાં ગાવા કાજ તે, આવી સાથે ત્યાંય. ૬
એવામાં શેહેર નજરે પડ્યું એટલે,
સુણજો સઘળા સૈન્યના કાઢો મનની બીક;
સાવધ રો, સમશેરીયા, પુર આવ્યું નજીક. ૧
બિગલ બારે ફૂંકીયાં. થયા સર્વ તૈયાર,
જરૂખે બેઠી પ્રેમદા દીઠી રાયે ત્યાર. ૨
રાજા—રાજા કહે પ્રધાનને જુઓ તમે આવાર;
પેલી જરૂખે બેઠી છે તે પત્ની નીરધાર. ૩
પ્રધાન—જોતાં મોહજ પામીયો વજ્ર થાશો સુર;
અગણિત ગુણગણેશ છે, ભાળુ ચિંતાતુર. ૪

અંક ૩ જો.

પાત્ર.

અજીતસિંહ .... સાખ્યપુરનો રાજા, ને સૌભાગ્યવંતીનો પતિ.

સૌભાગ્યવંતી .... તેની સ્ત્રી, ને રાજ્યપુરના વણિક પ્રધાનની દુહિતા.

સત્યસાગર.... .... તેનો પ્રધાન.

હુંડીશેડ .... તેનો સિપાઇ.

કમળશા .... તેનો સસરો.

રૂક્મણી .... તેની સાસુ.

શ્વેતસિંહ .... રાજ્યપુરનો રાજા.

કમળા .... સૌભાગ્યવંતીની સખિ.

રૂપાળી બાઈ .... બીજી સખિ,

સત્યદેવિ .... અજીતસિંહની માતુશ્રી.

રાજલી .... તેની દાસી.

ભુંગળ ભટ .... કમળશાનો ઉપાધ્યા.

અલોકિક પાત્ર.

વૃષભધ્વજ (શીવ).......... અજીતસિંહનો શાપ મિથ્યા (નીવારણ) કરી સુખશાન્તિને આનંદ આપનાર.

પછી ઝટપટ આવ્યો એનિ માતા હતી જ્યાં,
જઇ શિશ મૂકી ખાળે પાય વંદી નમ્યો ત્યાં;
જરઠજરઠ કાકા કાકિયો ને પ્રધાનો.
નમન નમિ કરીયું ભાઇને તો સલામો. ૨

(એમ કરતાં આઠ વાગીયા, એટલે રાજર્ષિ સ્નાન કરવા પધાર્યા)

નહિ નહિ નહિ આવ્યા રાજ માતા કુમારા,
કટિ કશિ કટ બાંધી યોદ્ધ પેદાં સવારા;
મળિ મળિ મળિ આવ્યા જાચ્ય મોટી સવારી,
મદન અયુત ઓપે રાય તે ચક્રધારી
દશ ઘડિ દશ પળ એ વાડકામાં થઇ જ્યાં,
ગણિક ઘણીક આવી નાચવાને મચી ત્યાં;
અક્રિણુ અક્રિણુ ઘોળ્યું નાત ધારા પ્રમાણે,
વિધ વિધ પકવાનો આણિયાં તેજ ટાણે. ૪
વળિ છતરિસ રાગી રાગ ત્યાં તો ગવાયા,
મલન ટનટિયોને સોર કાઢે ભવાયા;
વળિ ઉજવળ અંગે રત્ન હીરા દિપાવી,
સરવ મળિ મળીને રાય નિર્ખે નિહાળી. ૫

કમળશા—કેમ શ્વેતસિંહ સૌભાગ્યવંતીને વળાવાનુ કેમ કરીશું?

શ્વેતસિંહ—શું કરવું છે? વળાવો.

કમળશા—ત્યારે હું સૌભાગ્યવંતીને પુછું?

શ્વેતસિંહ—એમાં શું પુછવું છે? એતો હાજ કહેશે કારણ કે એ પ્રસંઠ કરી ખોળી લાવી છે, માટે મળવા આતુરજ હશે.

કમળશા—કેમ સોભાગ્યવંતી બેન સાસરા તરફ જવાની સ્પૃહા છે?

સૌ૦ હા પિતાજી, હું તો તૈયાર છુ, પછી આપની મરજી.

કમળશા—ત્યારે જાઓ શણગાર સજવા માંડો?

જાય છે ને રૂક્ષમણી સણગાર સજાવે છે)

કમળશા—ભુંગળભટ, જુઓને આતો વાગતું વાગતું માંડવે આવ્યું, ત્યાં સુધી શું કરે છે? ઝટ કરો ઝટ કરો?

ભુંગળભટ— બેનને શણગાર સજાવી રથમાં બેસાર્યાં (તે જોઇ)

કમળા—અરે રૂપાળી ખાણ! જુઓને, આ સૌભાગ્યવંતીનુ રૂપ તો ઇ-

દ્રાગ્રી માફક ભાસે છે. ખરૂં?

રૂપાળી—ભાસે છે તો એમ, ને ભાસે તેમાં શી નવાઈ? આજને સમે ને આજના વખતમાં એની બરોબરી કરી શકે એવી કસ્તર આ ચોકમાં તો ભાસતી નથી, પછી ઈશ્વર જાણે,

સોભા૰—જુઓ રૂપાળીબાઈ, આ કમળા મારી જ્યારે હોય ત્યારે હાંશી કરે છે. હું પરણી નહોતી ત્યાર પેહેલાં મને મેણાં મારી ત્રણ ફેરી રોવરાવી હતી, વળી હું મારા ધણધણી પ્રાણનાથ જોડે હુરત મેળાપ કરવા બેઠી હતી ત્યારે કુખમાં નખવતી ઝીણી ઝીણી ચુંટીઓ ખણતી હતી તે જુઓ? આ લાલ થયું. (એમ કહી કુખ ધરે છે.)

રૂપાળી—એમાં શું. એતો હરખની ચુંટીઓ.

(એટલામાં રૂક્ષમણીબાઈ પ્રવેશ કરે છે) ને.

હરીગીતછંદ.

રૂક્મણી-સૌભાગ્યવંતી સુણ મારી વીનતી વિવેકથી,
જૈ શિશ નામી સાસુને ફરી વંદજે મારી વતી;
ફરિ પ્રાણનાથ પગે નમી સુભ સાત્રથી સારી થજે,
બહુ વાલો પ્યારી લાગુ એવું કૃત્ય તું કરજે સરે. ૧
કુળ કલંકી કૂડ વાતને સાથમા સટકાવજે.
સો સાથમાં મધુર વદી સુભ આબરૂ ખૂબ કાઢજે.
ભર્તાને જઈ ચાહિ કરશો નહિ બનેલી કો તણી,
ખારૂં તીખું ખટ ખાટકું રસ મેળવી વળિ વાણી વાણી. ૨
શાસ્ત્રો વિરૂદ્ધ ડગ ભરો ને જામનીમાં જો જશો,
તો આબરૂથી હીણ થઈને રિદ્ધિ સિદ્ધિ હીણ થશો.
દાસો તણા દુર્ગુણ તજાવી શીખ દેજો સાથને,
સ્તુાનરો નવ કૃત્ય કૂડાં ભાખજો ઝટ નાથને. ૩
પ્રિત બાંધશો નવ પરપુરૂષની તાણીને વદશો નહીં
બહુ ભાખતી નથી હુંજ હમણાં છુંજ ડાહી ગુણ ગ્રહી,
વળિ વાત કહુ છું વ્યાજબી તે રાખ્ય હૈયે દીકરી;
ભરથાર કથનો શિર ગ્રહીને ચાલ્ય હોંશે ઠિર ઠરી. ૪

(એટલુ કહીને રૂક્ષમણી પાછાં વળે છે એટલે)

કમળા ને રૂપાળી—સૌભાગ્યવંતી પિયુને પ્રસન કરજે. હો?

(પછી સૌભાગ્યવંતી રથમાં બેશી રાજા પાસે આવે છે.)

સ્થળ અજીતસિંહનો તંબુ.

પ્રવેશ ૩ જો.

પાત્ર, અજીતસિંહ, સૌભાગ્યવંતી, સત્યસાગર; રૂકમણી ને કમળા.

(ને પરીક્રમણ કરી પગે લાગે છે, પછી જનાનખાનામાં જઈ સાસુજીને પગે લાગે છે એટલે સાસુજી આશિર્વાદ દે છે એટલે પાછી અજીતસિંહ પાસે આવે છે એટલે,

અજીતસિંહ—

હરીગીત છંદ.

સુણ પ્યારી ગોરિ સારિ નારી દુખ વિદારણુ કામની,
આશ્રમ થકી અળગી થઇ તે વાત ભાખો ભામની;
વળતો બનેલી વાત સર્વે આદયથી અંતે લગી,
હે પદમના તું ગર્ભ તુલ્યે બોલ્ય ગુણિયલ ગેહિની. ૧

સૌભાગ્યવંતી— હું હરખમાં થઇ જઇ ગરક ચાલીજ મારા પૂરમા,
બહુ વેગળે દ્રષ્ટી પડયા દશજન ઉભેલા કરમાં,
તે દેખતામાં જવાળ ઉઠી પાયથી માથે જહાં;
(જાણ્યું) આ વારતો આવી બન્યુ શું થાય જુગદાધાર ત્યાં. ૨
વળી મન વિચારી યુકિત કાઢી સુણો નાથ ધાણુધરા,
બોલો વદન કોણ નહીં તો ખાઇશ કડા કોંકરા;
સુણતાં થયા દિગમૂઢ બળિયા જાણી વનની ભઇરવી,
નાઠા સો મલ્લ નંદનો તે જીવ લઇને થરથરી. ૩

રાજા-ખભો થાબડીને

(માલિની છંદ.)

અધિક અધિક યુકિત પ્યારિ મારી ચતુરા,
અધિક અધિક લોકો છેતર્યા ક્રોડ ફેરા;
અધિક અધિક માર્યા ચોરને પારધીયો,
અધિક અધિક ફેરા બાંધી તેં પ્રેમ જોડયો. ૧

સૌભાગ્યવંતી—પછી હું ઘેર ગઇ ત્યારે.

રૂક્ષમણી અરે ! ! ! મારી પ્રાણપ્રીય દુહિતા તું કયાં ગઈ હતી ???

સૌભાગ્યવંતી—

અનુષ્ટુપ છંદ.

ગેતી મોસાળ મધ્યે હું, માલીતી સો સો સાથમાં;
ખરો વતાંત મેં ભાખ્યો, સોંપી મામીએ બાથમાં. ૧

રૂક્ષમણી-કયે દિને કયે વારે, કઈ તીથીને માસમાં.
ગૈતી કોની સાથે તું, કયા વેનના સાથમાં. ૨

સૌભાગ્યવંતી—શુકલ પક્ષમાં ગૈતી, વાર સોમને સાતમે;
કાર્તિક માસ મધ્યે તો, વણિકવેન સાથમે. ૩

રૂક્ષમણી (ક્રોધમાં) વદને સત્ય પુત્રી તું, રૂંધી મારીશ ઓરડે;
ગળે ફાંસો ઘાલીને, મારીશ લાંબે કોરડે.
કરીશ આત્મ હત્યા હું, તારી કુળવંતી કુંવરી;
જીવવાની કરો આશા, બોલો સાચું ઝટ ફરી. ૪

સાભાગ્યવંતી—ગુસ્સો ચડાવીને

માલીની છંદ.

સુણ સુભ મુજ માતા વાણિ મારી વિવેકી,
જઈ વરિ ભુમિ રાજા માયજી સત્ય નેકી;
દિગ વિજય અજીતા ત્રાણ ભાર્યા ભુપાળા,
વરિ વરિ લખ ફેરા માયજી મૂકય ચાળા. ૧

(આવાં દુખદાયક કથન સાંભળતાંવાજ)

વસંત તિલકા છંદનો પ્રાણ પ્રીય દોસ્તદાર પ્રતિપ્રીય છંદ.

માત્રુથી કાપિ કટતે કરી ક્રોધ કાય
દેવાજ નાર અધિકો મણિ બંધ સ્હાય;
કોપી તનુજી ઉપરે ખુબ દેય માર.
પુત્રી ભુલી ભુમિ કહી નમિ દે જુહાર, ૨

સૌભાગ્યવંતી—છોડે ન તોય કરપી મુજ ક્રોધિ માય.
સોજો ઉઠે! જગપતી મુજ કુળી કાય;
બાપે સુણ્યો રૂદનનો મુજ સોર કર્ણ,
આવી ચઢયા તરત તે પગ ઠોકી ધર્ણ. ૩

પ્રવેશ ૧ લો.

સ્થળ, રાજપુર ને તેની ભાગોળ.

પાત્ર, રાજા, પ્રધાન, સૌભાગ્યવંતી, સ્વેતસિંહ, કમળશા ને રૂક્ષ્મણી.

રાજા—

દોહરો.

સુણજો સત્ય પ્રધાનજી, ખરી વાત છે એજ;
ચિંતાતુર ભાસે મને, માટે કરો વિવેક. ૧
પેદળ આરૂઢ કિંકરો, વિધ વિધ રાગ મનુષ્ય;
ખબર કરો ઠોકે નહિ, તંપ્રુ રહિ સંતુષ્ટ. ૨
ચાલો આપણ પુરમાં, લ્યો મુજ પત્ની સાથ;
લઇને પુર વચ્ચે થઇ, જવું ગામની બાર. ૩
(એમ કહીને પરવર્યા, ખેંચ્યા એને મેલ;
સુંદરીને શાનો કરી, બોલાવી ઝટ સેલ. ૪
વેડાંગે લઇ સુંદરી, દોડયા તેણીવાર;
પુરની મધ્યે નીસરી, આવ્યા સૈન્યે ત્યાર.) ૫

(એ વાત કમળશાને માલુમ પડતાં રાજપુરના સ્વેતસિંહને)

કમળશા—

(માલિની છંદ.)

સુણ શુભ જન રાજા વાણી મારી વિવેકી.
હરણ થયુ દુહીતા મારિ રાજર્ષિ નેકી;
ઝટ ઝટ મુજ સાથી સૈન્યના જંગવાળા,
કટિ સમકટિ બાંધો પેદળો અશ્વવાળા. ૧
લઇ લઇ લઇ આવો શસ્ત્ર સાથી અમારા,
કટકુડ ટૂટિ, લગની લાવજો પ્રેમિસારા;
વળિ કુડ કતિવાળા માણસો આંહિ લાવો,
(૬) ખટ રસિ વતિ બાંધી બેયને ખેંચી લાવો, ૨

સ્વેતસિંહ—ઉભા રહો (એમ કહીને)

છપ્પો.

કયા ગામનો રાય નામ છે એનુ શું તે;

ફોજ સહિત આવેલ, રહિતજ ફોજપિ એત;
થી રીત પેઠોજ, આપના ઘરની માહે;
બોલો સાચી વાત, કમળશા સઘળી આંહે;
વળી વદુ છું હું ફરી ફરી, સાહી કયમ તુજ દીકરી.
માટે કંઈક છે લાગતું, આહી કરિને દીકરી.

કમળશા—

(ઇંદ્રવિજય છંદ)

પુત્રિ તણા કથ કણુ થકી વદુ સાંખ્ય પુરાતન શે,ર જહાં છે,
ગાઉ પચાસ પશ્ચી પચલંતર ગજન રાજન પ્રૌઢ તહાં છે;
ભૂપ વિવેકી ગુણી દિકરી, નિકળી ગઇ બ્રહ્મ નિવાસ જહાં છે,
કૂકૃતિ દુ:ખ નિવારણુ તે કરિ રાજનને વરિ કોલ ગ્રહ્યા છે. ૧
તેજ રાજાએ આવી પુરમાં પેશી મારી પુત્રીનુ હરણુ કર્યું;

સ્વેતસિંહ—અમાં તે શું? એ ની હતીને એ લઇ ગયો, માટે શેઠિયા, પંચાત કર્યા શિવાય પરણાવો, નહી તો મારૂં ને તમારૂં બંનેનુ મરણુ થશે, કારણુ કે એ તો પૃથ્વીપતિ રાજર્ષિ છે, માટે પરણાવો.

કમળશા—હેં રાજાજી, એમ છે! પણુ અમારી આત્મજા ક્ષત્રીને કેમ અપાય?

સ્વેતસિંહ—ભાઇ, ઘેલા થયા છો કે શું. આગળના જમાનામાં ઘણીએ વૈશની કન્યાઓ ક્ષત્રીને વરેલી છે, માટે કાંઇ બાદ નથી.

કમળશા—ત્યારે તો અત્યારે પરણાવું; પણુ જરા જમાત્રને મળી આવું.

સ્વેતસિંહ—ચાલો હુ પણુ આવું છું.

(બંને તૈયાર થયા છે ને અજીતસિંહના તંબુએ જાય છે એ મને આવતા જોઇ અજીતસિંહ ને સૌભાગ્યવંતી વાતો કરતાં બંધ પડી જાય છે, ને સૌભાગ્યવંતી ચક નાંખી અંદર જના નખાનામાં જાય છે, એટલે શ્વેતસિંહ ને કમળશાહ પ્રવેશ કરે છે, એટલે અજીતસિંહ આસન આપી બેસારે છે. એટલે)

શ્વેતસિંહ—રાજાજી, શું! આ શેઠની કુંવરીનુ હરણુ કરવું આપને ઘટે?

અજીતસિંહ—પણુ જુઓ, એમાં અમારો કાંઇ વાંક છે? હું આવ્યો કે મને પરણાવી હોત, તો આવું બનવું અશકય હતું. ને હજી પરણાવાની મરજી હોય, તો કસરે લઇ જાઓ, એ બાબત

હું કંઇ અટકાવ કરી શકતો નથી.

શ્વેતસિંહ—ત્યારે તો અમો લઇ જઇએ છીએ (એમ કહી સૌભાગ્યવંતી ને લઇ કમળશા ઘરમાં પ્રવેશ કરે છે) એટલે.

રૂક્મણી—ક્રોધમાં.

ઇંદ્રવજ્રા છંદ.

સૌભાગ્યવંતી વદવાણિ રંડા, કયાં ગૈ સટી વાદ વિવાદ વના;
ગાંધર્વ વિવાહ કરી ઉમંગે, નાસી ગઇ તું કયમ શસ્ર સંગે. ૧
ખોલોજ ખાળી મદમાતી તાતી, વદો નહીં તો કરૂ પણિઘાતી;
પ્યારી અતારે કરી ક્રોધ કૂડો, ગુન્હીવતી હું કરૂ પ્રાણુ છૂટો.

(એમ કહી ઉઠીને ધોલ મારવા જાય છે એવામાં)

કમળશા—હાં હાં હાં !!! એમ તે થાય પ્રીયા? એણે તો નામ કાઢ્યું.

રૂક્મણી—(ક્રોધના આવેશમાં) નાતરે ગઇ તે કે બીજું?

કમળશા—પ્યારી, એવો લગામ વગરનો ઉચ્ચાર કયમ કરૂ છું? એતો આપણા રાજા શ્વેતસિંહ, ને શ્વેતસિંહના રાજા અજીતસિંહ, એ ટલે કોઇથી જીતી ન શકાય, એવા દિગ વિજ્ય મોઢા રાજાની પત્ની થઇ છે.

રૂક્મણી—અરર! પ્રાણનાથ, એ શું ભાખ્યું કર્યું? આપણાથી તે ક્ષત્રીને પુત્રી અપાય?

કમળશા—ઝટકા પડતા હશે! આપણી હજારો કન્યાઓ પુરાતન વખત માં ક્ષત્રીઓને વરેલી એવું પુરાતન ગ્રંથોને સજ્જનોની કેણી ઉપરથી માલમ પડે છે, તો પછી શું?

રૂક્ષમણી—ત્યારે તો પરણાવો, પણ જરા એમનું રૂપ તો વર્ણવો?

કમળશા—

તોટક છંદ.

ભલુ રૂપ અલૌકિક એ દિસતુ, મન મોહનિ મધ્ય હતું હસતું;
શિર શોભિત ભાનુ સમાન દિસે, શુભ અત્તર,કેતકિ શિશ વિષે. ૧
ગજરા જુય જાય શુકંઠ દિપે,સખ કાય અનંગથાં ઓપિ ઉઠે;
શિવનું અરચંન કપાળ કર્યું, તન રત્ન ઝવેરથી પુર ભર્યું. ૨
ચખના અણુસારે કરે ઝટકે, મન મોહિત થાય ચળે પલને,
ભલી ચંપક તુલ્યજ કાય દિસે, નહિં ખાંપણ ખોડ લગાર દિસે.

મુખ પાન બીડે મધુરે વચને, ભરપૂર રહે ગુલતાન મને;
ઝટ પેખત મંન ન આલ્યુ રહે, મન મોહિત થૈ છટવાનુ ચહે. ૪
સુણ શાણી વિવેકી ગુણી તરૂણી, વદતો વરવા તણી વાર ઘણી;
સઘળું સુખ ધારિ ગુણી દુહિતા, વિધ વિધ વિચારિ થઇ વનિતા. ૫

રૂક્ષમણી—વાહ વાહ પ્રાણનાથ વાહ!!! આપના બોલવા ઉપરથીજં મારા મનમાં એમની છબી કોતરાઇ જાય છે તો પછી રૂપનુ તે શુ કેહેવું!

કમળશા—એ રૂપ જોઇને તો તું મોહિત થઇને મુર્છા ઢળે, ને પરણુ પરણુ થઇ રહે નક્કી તારે ગળે હાથ (એમ કહી ગળામાં હાથ નાંખવા જાય છે. એટલે)

રૂક્ષમણી— બળ્યું એવું શું બોલો છો! હીંડો આપણે લગનનો સામાન તૈયાર કરવા માંડીએ એમ કહી તૈયાર કરે છે.

પ્રવેશ ૨ જો.

સ્થળ, કમળશાનુ ઘર.

પાત્ર, કમળશા, રૂક્ષ્મણી, સૌભાગ્યવંતી, કમળા, રૂપાળી, સ્વેતસિંહ, પ્રધાન ને ભુંગળ ભટ.

પ્રધાન—

ઇંદ્રવિજય છંદ.

રાજન મત્ત ગજેન્દ્ર વિષે ચઢિ હર્ષ ધરી સસરા ઘર આવ્યા,
પૂર બધું હરખાઇ ગયું ગુણવાન વિવેકિ કુમાર ગણાયા;
બાજટ આવિ ઉભા ભુમિ રાજન સાસુની સાથ ડગે ડગ આવ્યા,
ચોરિ વિષે ચટકાં કરતાં વિધ રાગ ફટાણિ સુગીત ગવાયાં. ૧

(પરણી ઉઠયા પછી ઘરમાં જઇ ગણપતિના સામા બેસે છે)

માલિની છંદ.

ગણપતિ ગુણ કર્તા પાસ જૈને કમાયા,
ખુબ બળ જુગતીથી હાંસ કીતાબ લાયા;
વળિ શુભ કૃત કીધું રાણી સાથે ગવાયા;
(૫) શરઘર જુથ જેને પાંચ થાપા લગાયા. ૧

હરીગીત છંદ.

કમળશા—સુણ પ્યારિ મારી આત્મજા કહુ છું તને દઇ શિખ અતી,
કઇ જાતનો કેવોઅછ ક્યાંનો નરપતિ તારો પતી;
સૌ૦— (ઉમંગથી) છે જાત રજપુતપરાયનિ છે ભાત સારી સુર્યની,
અજીત અજીત સિંહ છે ભૂમિરાય છે સૌ ભૂપતી. ૧

કમળશા (ક્રોધના આવેશમાં રૂક્ષ્મણી પ્રત્યે બોલ્યા.)

(વૈશ્વદેવી છંદ.)

નિહાળું શું તું પ્રાણ એનો તજાવો?
શા માટે એણે ખેલ ખોટો જમાવ્યો;
રૂક્ષ્મણી— થાશે કુંડાં આ કાર્ય ધાર્યા તમામો,
લગ્ને વીધીમાં બારમાનો જમાવો. ૧
માટે જાવા દો ખેડશોના તમામો,
જાશે નાશી તો નાક જાશે પ્રધાનો;
કમળશા— કાળું મેં તારૂં આત્મજા કુડ કામી,
મો બોળો બોળું ઠાંકણી મધ્ય નામી. ૨

સૌભાગ્યવંતી—

(લલિત છંદ.)

અરર નાથજી શું જ હું કહું, રદય માહરૂં બાખ થૈ ગયું;
સુઘડ મા પિતા વેરી રૈથયાં, વચન ક્રોધમાં કુડ તો કહ્યાં. ૧
સખિ હતી સગી મારિ વાલિ જે, મશકરી કરે લાજ મૂકિ તે;
કમળશા કહે સુણ કુંવરી, પરણવું નથી ગા તુ કુંમરી. ૨
વચન ના વદી હુંજ તે ઘડી, ઝટ રૂપાળિ આવી કેણુ ઉચરી;
રૂ૦-નિશ અહો વિષે ખૂબ જાપતી, આપ ચિંતી કરી રોજ માગતી. ૩
વર મળો મને શોભિતો કળે, ઘર ધણી નહી ભૂપ ભૂ મળે;
પછિથિ શું થયું જાણતી નથી, નજરમાં હતું ભાખ્યુ શેઠજી. ૪
સૌ૦-વળતિ તો ગઇ મેડિ ઉપરે, શયન મેં કર્યું રાત્રિએ ખરે;
દિન બિજો થયો પાછળે કહ્યું, વરિ હું ત્યાં લગી એવું તો રહ્યું. ૫

હરણુ તો થયું મારૂ જે પળે, નગર છોડિને નાથી ગૈ ખરે;
ઝડપ માંગ તો વાત ચાલિ રે, પરણિ આપ તો કે,જ સારિરે. ૧

રાજા—

સાર્દૂલ વિક્રીડિત છંદ.

પ્યારી યૌવન મધ્ય રાગિન ખિલતી તેં કાં સહ્યાં આ દુખો,
શા માટે સહિને રહી તુ પ્રતિથી ખોલો વધુ ઉત્તરો?
સૌ૦-પ્યારા પ્રાણુ પતિજ ભુગી ભરતા પત્ની સ્ત્રિ ભૂ ભોગદા,
જાણો કૃ કથનોજ છત્ર પતિ હે છેદા શિશો મા પિતા. ૧

(એવાં દુઃખદાયક કથન સાંભળતાં વાંતજ રાજર્ષિ ક્રોધ કરીને શેઠ ને શેઠાણીને ઠાર કરવા દોડે છે, એટલામાં રાજ ધડીથી આવતો પ્રધાન સામો મળે છે, ને)

પ્રધાન—(આશ્ચર્ય પામીને)

વસંત તિલકા છંદ.

રાજર્ષિ આજ અધુના કયમ કોપિયો છું!
રાજા અજીત-જાયા નરો જાગતનાં પ્રતિ ત્રાણુ હું છું;
મેદીનિ સર્વ જનને સુખ આપનારો,
કોટી જનો જગતના દુખ કાપનારો. ૨
સંહાર માટ કરતું ધરડા પ્રધાન,
પોંચાડ્ય યુગ્મ જનને પરલોક ધામ;
જો કોઇ સામુ ઉચરે કરી ક્રોધ કૃો,
મારીજ શસ્ત્ર કરથી કરચ પ્રાણુ છૂટો. ૩
સત્યસાગર—છે ધુર્જટી પ્રતિ અહોનિશ પાળા,
ત્રિશૂળ લૈ ત્રિભવમાં કુડ માનારા;
માટે કહું છુ ન કરો સત માની મારૂં,
કૃત્યો કરો શુભ, થશે સિધ ધાર્યુ તારૂં. ૪
સ્પૃહા અમારિ બહુધા જન તો થયાથી,
નૃશંસ કામ અટકી ગયુ લૌક ત્રાસી;

પડ્યાજ હોત ધરણી ઉપરે ઉકાંથી,
શાન્તી થઈજ નહિ તો પુર થાત ખાંથી. ૪

પ્રધાન—

(ઇંદ્રવિજય છંદ)

રાજન લોચન લાલ હતાં ગયુ રકતપણું નમ્રતાનિજ સાથે,
રાજન રાજન જોડ મળી વણિકો વણિકો મળિ શેઠ સુ વાદે;
આવિ સભા મહિ રાજન શેઠ નમી શિરા નામિ સ્થળે નિજ બેઠા,
રાય પછી ઝટ ઊઠિ તમામ ઘટે ત્યમ બક્ષિશ શાલ સુ ભેઠ્યા. ૧

(પછી સભા દરખાસ્ત થઇ, એટલે રાજા સૌભાગ્યવંતીને આખુ સૈન્ય ઘર તરફ સંચરવાને તૈયાર થયું.)

પ્રવેશ ૪ થો.

સ્થળ, રસ્તો ને અજીતસિંહનું મંદીર.

પાત્ર, રાજા, સૌભાગ્યવંતી ને પ્રધાન.

પ્રધાન—

ઈંદ્રવિજય છંદ.

નામ પરે સુ નરેંદ્ર ચડી નિજ રાણિને રેપાળિ ગજે ઝટ લીધી;
રાજન રાણિ વડે ગજ બેશિ ગયાં ઝટ ગૃહ હતું નિજ રિદ્ધી;
ચાતક કોકિલ મોર મનોહર વેણુ સુણી મન માલતિ ગોરી,
એમ થતાં ગજથી ઉતર્યાં ઘર આગળ કાકિ દિઠી રૂપ ભોરી.
જવાહિર મોતિથિ થાળ ભરી નર નારિનિ પાસ ડગે ડગ આવી,
હરેત ઉચા શિશ સુધી કરી જુગ દંપતિને ઘર લીધ વધાવી;
(એક દિવસે) મંદિર મધ્ય હતાં ભૂપ ભામનિ રાજન ચક્ષુથિ આંસુ પ્રવાહી,
નીરખતાં યુવતી ઝટ બોલિ વદો સહુ રાજન વાત વિશાળી.

રાજા—

લલિત છંદ.

અરરર નારિ હું શું કરૂં હવે, મરણુ માહરૂં થાય આ ભવે;

હરણિનો મને શાપ થીર છે. જીવિત જોડ તે. કર્મ ચીરસે. ૧
ઉદર તાહરે પુત્ર જે થશે, કરમ હીણુ તે મારી નાંખશે;
સરવ રાજને પાટ દાબશે, સરવ લોકને ખાખિ સો કરે. ૨
અરર શું થશે પ્યારિ મારિ રે, જઇશ અર્ણ્ય મધ્યે હુ નારિરે;
સરવ લોક તો માર મારસે, અરર શું થશે પ્યારિ નારરે. ૩

સો૦—પ્રીય પ્રાણનાથ, એ બાબતમાં અકળાવાનુ કામ નથી. આપ દેવની આરાધના ના કરી શાપ નિવારણ કરો, કે સુખ શાન્તિને આનંદ નિપજે.

રાજા—

સાર્દૂલ વિક્રીડિત છંદ.

ભાર્યા પ્યારિ પુષ્પે ભરી, કરમની રેખા હતી મારિ જો,
સંજોગે સુજને મળી તુ સજની સારૂં થયું પ્યારિ તો;
શી રીતે તરૂણી નિવારણ કરૂં શાપો થયેલા મને,
પાગીએ સુખ પ્રૌઢજી વિત લગી ગીથ્યા કરી શાપને. ૧

સો૦—ધારી ધૈર્ય ધંણુજ રાજ ધરણી કંથા સુરા માહરા.
નંદી સ્વાર ભુપાળ ઇષ્ટ યુગના તેની કરો પ્રાર્થના;
પુન્યે પાપ ખસેજ હે જગ ધણિ દાળીદ્ર દુઃખો કુડાં,
વ્યાધી પ્રોઢ અનેક કષ્ટ સરવે જાશે સિંધુમાં બૂંડાં. ૨

ઇંદ્રવિજય છંદ.

ધુર્જટિના ધજ મંત્ર તમામ કરો દિલ દૈ મનમાં ઝટ ગોખી,
વજ કછોટ કટિ સમ બાંધી ધરો જપ રૂદ્ર તણો થઇ જોગી;
હસ્ત વિષે સુભ માળ ગ્રહી જણસો લુગડાં તજજો મટિ ભોગી,
માસ છ થાય થશે પરશાંન ન થાય વિષેશ ધરો રૂપ જોગી. ૧
(એટલામાં પ્રધાનજી સત્યસાગર પ્રવેશ કરે છે એટલે)

રાજા—

ભુજંગી છંદ.

રહેલા ગુણો પ્રૌઢ જેમાં ઘણા કે, વદો આપ એવા દિવાનો વિવેકે;
કહો આપ સર્વે સુણી સત્ય કર્ણે, વિધી આપ દો,ને વણી ક્ષત્રિ વર્ણે.૧

પ્ર૦-સુણો પ્રૌઢ રાજા કહું કૃત્ય કેવાં, ધરો ધ્યાનમાં ખૂબ આનંદ જેવાં;
વિધી હું કહું છું ભલા હોમ જેવી, કરો આપ પુજા રૂષિ પ્રૌઢ જેવી.

દોહરો.

અજીતસિંહ—વજીર થાણા ચેડજી, થાય પ્રસંન ન ઇષ્ટ;
તો મારે ઉપાય શો, કરવો હે ધર્મિષ્ટ. ૧

પ્રધાન—

ઇંદ્રવિજય છંદ.

ઇષ્ટ વડા દિન રાત્રિ વિષે સત્ વાદિ સુરા પર રોષ ન આણું,
ભાવ થકી તપ તૃપ્ત કરો પરસંન થઇ ભગતી જર જાણું;
કેંક રૂષિ ભગતી ફળથી પરલોક વિષે જઇને સુખ માણું,
માટ કહું તપ તૃપ્ત કરો પરસંન થઇ ભગતી ફળ આણું. ૧

(માટે તમારા અમુલ્ય શણગારને કિંમતી લુગડાં સજવા માંડો, કે પુરમાં વરઘોડો ફેરવી રૂદ્રે જઇએ.

રાજા—હું તો તૈયાર છું, પણ લોકોને વેહેમ આવશે, કે રાજાજી કયાં જતા હશે, માટે આખા ગામના ને આખા રાજના સરવે લોકોને ને રાજાઓને જા. ન. (૧૨૨૭) થી જાહેર કરો કે, રાજા છત્રપતિ છ માસ તપ આદરવા રૂદ્રે જવાના છે માટે છ માસ સુધી રાજાનો સર્વે અધિકાર પ્રધાનજી સત્યસાગરને સોંપવામાં આવેલો છે, માટે સર્વે એમનો હુકમ માનવો એજ.

છત્રપતિ અજીતસિંહ સહી.

પ્રવેશ ૫ મો.

સ્થળ, વૃષભદ્રજનું દેવળ ને અજીતસિંહનું મંદીર.

પાત્ર, અજીતસિંહ, સત્યસાગર, શીવ, સત્યદેવિ, હાંસીફોડ,

સૌભાગ્યવંતી ને લોકો.

પ્રધાન—

સવૈયા એકત્રીસા.

દુખમય વનહી તુલ્ય દવાનળ, થાપ નિવારણ કરવા કાજ;
કસરત કોટી નાગ કરેલા ઉપર બેઠા પ્રૌઢા રાજ;
પુરમાં પોંચ્યા ખાંચે ખાંચે થયા ને રસ્તાની માંય,
હસતુ મોંઢુ પાન બીડીથી જોઇ વિચારે લોકો ત્યાંય. ૧

લોકો-(મનમાં) રાજાજી તો રાજ તજીને જાય શું કરવા રૂદ્રે આજ.
જોવાને ચાલો ન જૈએ એમ કહીને આવ્યા સાજ;
પ્ર૦-ભાગોળે રાજેજી આવ્યા લાખ કરોડો કોટી લોક,
લોકોનાં તો જુથ મળ્યાં તે જાણે પ્રૌઢો છપંન ભોગ ૨
અખડે ને જો વચમાં પડિયો તો તો તેના લાગે ભોગ,
ચગદાતાં જો પ્રાણ બચે તો ઔસધ દે ત્યાં લઇ લે લોક;
રાજાજી રૂદ્રે ઉતરીયા ઉતાર્યો જામો સુરવાલ,
રંડિલ મેનાકારી જણુસો હીરા મોતી કુંડળ ઝાલ. ૩
બીજાં ત્યાં કીમતી આભૂષણ ઉતાર્યાં ધારીને વ્હાલ,
સૈન્ય પ્રધાનો પ્રૌઢા શોડો પાછા વળ્યા કરિને ખ્યાલ;
રાણી રૂડી પાછી વાળી બેઠા ધ્યાન ધરીને ધુન્ય,
રાજાજીનું રૂપ રૂંટાયુ જાણે પ્રૌઢા બેઠા મુન્ય. ૪
ચક્ષુને તો કરીને કબજે કાને પુમડાં ઘાલી ત્યાંય,
ધુરજટિનો ધજ મંત્ર ભણીને મણકો મૂકે માળા માંય;
એ રીતે તો ધ્યાન ધર્યું ત્યાં માસ થયા બે દુ જ્યાં ચાર,
ઉપર દા,ડા સાઠ થયા કે આવ્યા ભોળા નંદી સ્વાર,
શીવ-માગો રાજા ભાખો રાજા મંન વિચારી મરજી માય;
આજે કાલે તીથિ પુરાણે બોલ્યું પાછું નહીં ફરાય,
માટે નક્કી મા પત્ની ને પંડિત જોષી મંત્રી ભૂપ. ૫
જ્યારે ત્યારે ફુરસદ આવે પૂછી આવો જ્ઞાની નૃપ,

રાજા—અહો! ભોળાનાળ, આપ જ્યારે આટલી બધી હેમ નજરથી મારા ઉપર હેત રાખો છો, તો પછી મારે શી ખામી છે! માટે આપ જે આપશો, તે મારા ફાયદાનુંજ હશે; માટે આપનુ કહેણુ માથા ઉપર.

મહાદેવજી—જા, તારી ધારેલી કામના સિદ્ધ થજો.

અજીતસિંહ—વારૂ મહારાજ, આપની આજ્ઞામાં રહી આપનુ વચન ગ્ર-
હણ કરૂં છું (એમ કહી પગે પડે છે.)

(એટલે મહાદેવજી અલોપ થઇ જાય છે.) એટલે

રાજા—અમે સિપાઇ રાજ પ્રધાન સત્યસાગરને ઝડપટ ખબર આપ, કે
રાજાને ઇષ્ટદેવ પ્રસંન થયા, માટે એમને છ માસ ઉપર જે ડોળપો
રૂદ્રે પોહોચાડયા હતા, તે ડોળથી પાછા ઘેર લાવવાને તૈયારી કરો.
(ત્યાં પ્રધાન હજુરમાં હાજર નહી હોવાથી.)

હાંડીફોડ— (ઝુલણા છંદ.)

નગરમાં પોંચિયો રાજ સિપાઇને કર્ણ સુણાવિયું રાય રાણી,
રાજ રક્ષા થઇ શાપ પીડા ગઇ માટ તેડી લહો રાય રાણી;
તર્ક કેણી સુંણિ રાય રાણી ખણી રાજ માતા ભણી ઉભી ચાલી,
સો૦-માત જય તો થયો સર્વ ભય તો ગયો માવડી શું થયુ મારી વા,લી. ૧
શાપ પિડા ગઇ રાજ રક્ષા થઇ ધુંરજટી મંત્રથિ માડિ મારી,
પ્રૌઢ પાપો ગયાં રાજ સુખિયા થયાં દીન નિશ જાય આનંદકારી;
માગીયુ આપ પુત્રે ઘણા હર્ષમાં આપ સિપાઇની સાથ કા,વ્યું,
નાગ ઘોડા ભલા મંત્રિ મુજ રંગલા સૈન્યની સાથ હું ગ્રૃહ આવું. ૨

(એટલામાં દશ વાગ્યા એટલે પ્રધાન હજુરમાં હાજર થયા.)

સત્યદેવિ—અરે! દાશી, જા, પ્રધાનને તેડી આવ?

દાશી—આજ્ઞા માતાજી. (એમ કહીને જાય છે. ને હજુરમાં પ્રવેશ
કરી) પ્રધાનજી, રાજ માતા બોલાવે છે.

પ્રધાન—ચાલો, (એમ કહીને સાથે સાથે આવે છે.)

સત્યદેવિ— દોહરો.

વિદ્યા જ્ઞાન વિવેકથી, આપ પૂર પોં,ચેલ;
સત્ વાદીને સૂર છો, પોથી રાજ ભણેલ. ૧
બીજી પ્રૌઢી વાત છે, સૌમાં શાણી સૂર;
ધુર જટીના ધજ મંત્રથી, શાપ થયો ચકચૂર. ૨

(મહીદીપ છંદ.)

ત્રીજી વળિ વિવેકી વાત અજીતની બાંગુલી,
દામ રામનામ સાથ રથપ હાથી તોરી;
લઈ લોક સાથ આવો રાગ છત્રિસ રાગી.
એક દગ સાજ આગે કત્ય કૂડ ભાગી. ૧

પ્રધાન—અમે તો તૈયાર છીએ. એમ કહીને જાવક નંબર (૧૭૦૭) થી ગામમાં જાહેર કર્યું કે રાજા છત્રપતિ રૂદ્રે તપ કરી રહ્યા છે માટે ઘેર તેડી લાવવાના છે માટે હમણાં બાર વાગતા પહેલાં ગામની ભાગોળે સર્વેએ આવી એકઠા થવું એજ શ્રાવણ સુદી (૧૫)ને શોમવાર.

પ્રધાન સત્યસાગર સહી.

આ હાસ્ય કારક જાહેર ખબર સાંભળતાં વાંતજ સર્વેની આંખમાંથી હાસ્યના અશ્રુ પ્રવાહ ચાલવા માંડે છે ને સર્વેનાં ટોળાં ભાગોળે એકઠાં થવા લાગે છે. છેવટે પ્રધાન, સત્યદેવિ, સૌભાગ્યવંતીને આખુ સૈન્ય પ્રવેશ કરેછે. ને સૌ રાજાની આસપાસ બેસેછે, પણ સૌભાગ્યવંતી મલાજામાં રહી વેગળી ઉભી રહે છે. એટલે

રાજા—પ્યારી, આ વખતે મલાજો રાખવાની જરૂર નથી, આજે સુખ શાન્તિને આનંદનો દિવસછે માટે આવો, આ હાથી ઉપર પધારો.

સૌ૦—પ્રાણ નાથ, હું તો તૈયાર છું, (એમ કહી નાગ ઉપર બેસેછે.) પછી વાજતે ગાજતે પુરમાં પ્રવેશ કરે છે, ભાટ બ્રાહ્મણોને નાણાં પરખાવે છે રૈયતને સુખ શાન્તિ ને આનંદથી લીન કરી નાંખે છે. પશુઓને ઘાસ પુળો વિગરે આપેછે, પક્ષીઓને વાસ્તે પરવડીયે દાણાથી ભરપુર કરેછે. પાણીનાં કુંડાં ભરાવેછે. તેથી કરી આખા રાજમાં ને પશુ પક્ષીઓનાં ટોળામાં અજીતસિંહની જયનાં નિશાન ફરકી રહે છે ને સઘળાંના મુખાર્વિંદમાંથી અજીતસિંહની જય જય એ શબ્દ ઉચ્ચાર થઈ રહે છે, તેથી રાજા રાણીનું મન હરખાય છે. એમ કરતાં કરતાં પુરા નવ માસે દીન પ્રતિપાળ દિગવિજઈ નરેંદ્રની સારા ભાગ્યવાળી સૌભાગ્યવંતીને પુત્ર પ્રસવ થાય છે, ને પછી બનેની જીંદગી સુખશાન્તિ ને આનંદમાં જાય છે.

પિયુપત્ની વિજયનાટકના આદયથી થએલા ગ્રાહકો.

૧૦	રા૦રા૦ દેશાઇ બેહેચરદાસ વિહારીદાસ	નડીઆદ.
૧૦	રા૦રા૦ ત્રીપાઠી મનસુખરામ સુર્યરામ	મુંબઇ
૫	રા૦રા૦ દવે રણછોડભાઇ ઉદયરામ	મુંબઇ
૧	રા૦રા૦ દલપરામ વિઠુલદાસ ઇં૦ સ્કુ૦ માસ્તર સાહેબ	નડીઆદ
૧	રા૦રા૦ રૂસ્તમજી ધનજીભાઇ ઇં૦ સ્કુ૦ માસ્તર સાહેબ	”
૧	રા૦રા૦ રામસંગ દેવિસંગ દાકતર સાહેબ	”
૧	રા૦રા૦ આશારામ મોતીરામ તા૦ સ્કુ૦ માસ્તર સાહેબ	”
૧	રા૦રા૦ પ્રાણજીવંદાસ પ્રભુદાસ શેકરેટરી સાહેબ	”
૧૦	રા૦રા૦ ભાઇચંદ ગાવરધનદાસ	”
૧	રા૦રા૦ ઇશ્વરલાલ વંદ્રાવંનદાસ ઇં૦ સ્કુ૦ માસ્તર સાહેબ	નડીઆદ
૧	રા૦રા૦ વંદ્રાવનદાસ ગીરધરદાસ	”
૧	રા૦રા૦ પટેલ ઝવેરભાઇ ગરબડદાસ	”
૧	રા૦રા૦ ગૌરીશંકર મયાશંકર	”
૧	રા૦રા૦ દેસાઇ નરસીભાઇ રણછોડભાઇ	નડીઆદ
૧	રા૦રા૦ દેસાઇ મોતીભાઇ ઘાભાઇ	”
૧૦૦	રા૦ મોતીભાઇ શીવાભાઇ ઇં૦ સ્કુ૦ સ્કોલર	”
૭	રા૦ દેસાઇ ચતુરભાઇ ભલાભાઇ	”
૧	રા૦ દેસાઇ મગનભાઇ સામળદાસ	”
૧	રા૦ શાસ્ત્રી નાનાલાલ ગંગાશંકર	”
૧	રા૦ પરીક્ષ ચુનીલાલ છોટાલાલ	ભરૂચ
૫૦	રા૦ મગનલાલ મોતીલાલ	નડીઆદ
૧૦	રા૦ પટવા છગનલાલ છોટાલાલ	”
૫	રા૦ દેશાઇ કાશીભાઇ નાથાભાઇ	”
૫	રા૦ ઠાકર મણિલાલ ઉમેદરાય	સુરત
૨	રા૦ હેમરાજભાઇ હાથીભાઇ	પાલણપુર
૨	રા૦ શા૦ ડાહ્યાભાઇ છગનલાલ ઇં૦ સ્કુ૦ સ્કોલર	નડીઆદ
૫	રા૦ દેશાઇ મીઠાભાઇ વલ્લવભાઇ	”
	...રામ વિહારીદાસ	”

૨	રા૦ દેશાઇ ઉમેદભાઇ કાશીભાઇ	,,
૨	રા૦ પટેલ નરસોદાસ લલુભાઇ	સોજીત્રા
૨	રા૦ મોતીભાઇ લલુભાઇ તા૦ સ્કુ૦ આ૦ માસ્તર	નડીઆદ
૧	રા૦ બાપાલાલ અંબાશંકર	અમદાવાદ
૧	રા૦ પટેલ મનોરભાઇ ત્રીકમદાસ	આંકલાવ
૧	રા૦ પટેલ લલુભાઇ નાથાભાઇ	,,
૨	રા૦ તલાટી રમણલાલ દામોદરદાસ સ્કોલર	અમદાવાદ
૨	રા૦ પટેલ છોભાઇ નાનાભાઇ	નડીઆદ
૧	રા૦ પટેલ સામળભાઇ ગોવિંદભાઇ	,,
૧	રા૦ ચોકશી નારણલાલ હીરાચંદ	,,

નડીઆદ ઇંગ્લીશ સ્કુલના સ્કોલરો.

૧	રા૦ દેશાઇ ગોવિંદભાઇ હાથીભાઇ	નડીઆદ
૧	રા૦ પટેલ અમ્રતલાલ લીખોતંનદાસ	ઉમરેઠ
૧	રા૦ બક્ષી વ્રજભુખણ ચુનીલાલ	દેવગઢ
૧	રા૦ તલાટી ચુનીલાલ ગીરધરદાસ	નડીઆદ
૧	રા૦ પટેલ છોટાલાલ કાશીભાઇ	,,
૧	રા૦ નાગર કનૈઆલાલ અનંતરાય	પેટલાદ
૧	રા૦ પટેલ ભુલાભાઇ ગોપાળદાસ	થામણા
૧	રા૦ પટેલ છગનલાલ ચીકીદાસ	ખેડા.
૧	રા૦ લાલશંકર પરમાનંદદાસ	સુરત
૧	રા૦ પરીક્ષ મનસુખભાઇ પુરશોતંમદાસ	નડીઆદ
૧	રા૦ નાગરદાસ હરગોવિંદાસ	ખેડા
૧	રા૦ પરીક્ષ બાપુજી હરીવલ્લભદાસ	નડીઆદ
૧	રા૦ ભટ મંછારામ મયારામ	ઉમરેઠ
૧	રા૦ વ્યાસ ચંદુલાલ નાનાલાલ	અમદાવાદ
૧	રા૦ શાહ શીવલાલ લલુભાઇ	સરભાણ
૧	રા૦ પાલકર બાપુસાહેબ આણાસાહેબ	કપડવણજ
૧	રા૦ પાઠક વીઠલદાસ મોતીભાઇ	મેહેમદાવાદ
૧	રા૦ શાહ હીરાલાલ કાળીદાસ	ખેડા
૧	રા૦ દેશાઇ ચુનીલાલ મગનલાલ	

૧	૨।૦	પટેલ રાવજીભાઇ ભાઇબાલભાઇ	ધરમજ
૧	૨।૦	મેહેતા નવનીદરાય નારણરાય	નડીઆદ
૧	૨।૦	બારોટ રણછોડભાઇ બકોરભાઇ	,,
૧	૨।૦	પટેલ રામભાઇ નરસીભાઇ	સોજીત્રા
૧	૨।૦	માણેકલાલ મનસુખરામ	મેસાણા
૧	૨।૦	ઠાકર મણિલાલ હરીલાલ	નડીઆદ
૧	૨।૦	દેશાઇ પુરસોતમદાસ સામળદાસ	નડીઆદ
૧	૨।૦	પટેલ રાવજીભાઇ મોતીભાઇ	સોજીત્રા
૧	૨।૦	પટેલ મુળજીભાઇ પ્રભુદાસ	ધરમજ
૧	૨।૦	મેહેતા શંકરલાલ કેશવલાલ	નડીઆદ
૧	૨।૦	પટેલ સામળભાઇ લલુભાઇ	,,
૧	૨।૦	શાહ લલુભાઇ હરગોવિંદદાસ	,,
૧	૨।૦	મનસુખભાઇ મગનલાલ	,,
૧	૨।૦	પરીક્ષ બાપુલાલ જેઠાલાલ	,,
૧	૨।૦	ત્રીપાઠી લાલશંકર હરજીવંનદાસ	ધોળકા
૧	૨।૦	પરીક્ષ શીવલાલ નરશીદાસ	નડીઆદ
૧	૨।૦	ચોકશી નાથાભાઇ દામોદરદાસ	,,
૧	૨।૦	શેઠ માણેકજી પેસ્તનજી	,,
૧	૨।૦	મેહેતા માધવલાલ નારણલાલ	,,
૧	૨।૦	શાહ લલુભાઇ ગોકળદાસ	,,
૧	૨।૦	દેશાઇ દેશાઇભાઇ જેરાંગભાઇ	,,
૧	૨।૦	પટેલ સામળભાઇ વલ્લવભાઇ	,,
૧	૨।૦	દેશાઇ ભીખાભાઇ દાદાભાઇ	,,
૧	૨।૦	પટેલ લાલભાઇ બાભાઇ	,,
૧	૨।૦	શાહ ડાહ્યાભાઇ હરગોવિંદદાસ	ખેડા
૧	૨।૦	શાહ ડાહ્યાભાઇ ફતેહચંદ	,,
૧	૨।૦	દોશી દામોદરદાસ નાથજી	સાવલી
૧	૨।૦	પટેલ જીવાભાઇ ભાઇબાભાઇ	કરમસદ
૧	૨।૦	પટેલ જેઠાભાઇ ભાઇબાભાઇ	,,
	-	મેહેતા ભોળાનાથ રામનારાયણ	નડીઆદ

૧	ગ૦ અહમદ હુસેન મીરસાહેબ		
૧	ગ૦ ભટ હરીલાલ ત્રીભોવનદાસ		વીસનગર
૧	ગ૦ ગાંધી ચુનીલાલ ખુશાલદાસ		નડીઆદ
૧	રા૦ રા૦ મોહનલાલ ગણેશદાસ		,,
૧	ગ૦ પટેલ ઇશ્વરભાઇ લલુભાઇ	આ૦ માસ્તર	નડીઆદ
૧	ગ૦ પટેલ ભાઇલાલ ભીખાભાઇ	,,	,,
૧	રા૦ પટેલ દેહેરીભાઇ રામદાસ	,,	,,
૧	ગ૦ પટેલ ઉમેદભાઇ ખુશાલદાસ	સ્કોલર	,,
૧	રા૦ પટેલ સામળભાઇ ધનજીભાઇ	,,	,,
૧	રા૦ પટેલ રેવાદાસ મકનદાસ	,,	,,
૧	ગ૦ પટેલ મોતીભાઇ વહાલદાસ	,,	,,
૧	રા૦ પટેલ મંગળભાઇ વેણીભાઇ	,,	,,
૧	રા૦ પટેલ રણછોડભાઇ મીઠાભાઇ	,,	,,
૧	ગ૦ દેશાઇ લલુભાઇ મથુરભાઇ	,,	,,
૧	રા૦ પંડ્યા નાથાભાઇ બાપુજી		,,
૧	રા૦ ખે૦ બ્રા૦ મણિલાલ રેવાશંકર.	,,	,,
૧	રા૦ ખે૦ બ્રા૦ નર્મદાશંકર રેવાશંકર,		,,
૧	રા૦ તલાટી અમ્રતલાલ વ્રજલાલ	સ્કોલર	,,

સૂચના.

આ નાટક નીચે લખેલે ઠેકાણેથી રોકડી કિંમતે મળશે. ટપાલ ખર્ચ જુદું. નાટપેટ કાગળ સંગરવામાં નહીં આવે.

નડીયાદમાં { કર્તા પાસેથી.
રા૦ રા૦ ભાઇચંદ ગોવરધન પાસેથી,

ખેડામાં— ગ૦ પટેલ રણછોડભાઇ ચીકીદાસ પાસેથી

ભરૂચમાં— ગ૦ ગ૦ પરીક્ષ ચુનીલાલ છોટાલાલ પાસેથી

ઉમરેઠમાં રા૦ શેલટ રામચંદ્ર બાપુજી પાસેથી.

ગ્રંથ કર્તા.

દેશાઇ. જેઠાભાઇ ગોવિંદભાઇ.

મુ૦ નડીઆદ.

ગરબી ૯૬ મું.

(હરીગીત છંદ.)

મોટા જનો અમર બની અટ ગર્વમાં મારી મથા,
રંજાડિ શત્રુ કંઇ કૌરવ કૈરવને ગર્વે ગયા;
હુમ્માર કરી ખૂબ કોપ કરતા થીજ નાંખી અંબરી,
એવા ગયા અટ જાય છે જાણે હજારો ભૂપતી. ૧
આરંભ કરી બહુ ગર્વથી જગોમાં પડે જે માતરુ,
પુરુષાર્થને પ્રૌઢ બની ઉદ્ધાર એટ ન આણતા;
ભંડારને ભરની ગાયું અંબ મારતા મહથી અતી,
એવા ગયા અટ જાય છે જારી હજારો ભૂપતી. ૨
અટપ્યા કુબેરી જાતિમાં લઇના નિદાણે તોરણ,
અનુભવ્યું અહીં મોહપતી મુછને મરોડે દૈ હુમાં;
ધન ભજે જય પાડે ફરતા ગર્વેરી અભિમતી,
એવા ગયા અટ જાય છે જારી હજારો ભૂપતી. ૩
બહુ માનથી સત્કારનાને ગજબના માને કરી,
પર દંપતી પાડે બનું કિર્તી તણું પ્રતિ બળવતી,
એવા હરાવ્યા શરસ્ત્ર જન જે રણમાં ભારી નતી,
એવા ગયા અટ જાય છે જારી હજારો ભૂપતી. ૪
બહુ ભાગીઓ, પીતા નખું ફિર અને અન્યુન બળ,
કરતે જતા દેન આરંભોને ચિત અતાર્ગે મન અનુરાગે
કુળ ધીર કાઢી મદ ભર્યા ધનવાનું જડને રૂપના,
એ.ટા વૃ છતમાં છાંડિ ભર્યા મળ જવાનો રહેલા. ૫
માટે તુ પાત્ર પ્રાણિમાં ચિત ગર્વમાં છાકી દિ.
ચિત કોઇના ધન પીછુમાં ચાલ્યા બનાને મદ દિ
કાયા તણું કરિ જાગને મદ માતિ કાયા પરજણ
કો હાલ હાલ ફૂડા ધરી ઇશ્વર હસુરે જે કર. ૬

દોહરો.

ગર્વે જાણે ગૈડિયા, બધ ગોડી ધરધાર,
જંપતિ ચાતા ગૈડિયા, ધરણી ગર્વી ધાર ૧